RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 372 Dt. 17-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

## બંગાળની ખાડીમાં બે બોટ ડૂબી : ૫૦૦ની જળસમાધી

### મ્યાનમારના રખાઇનથી નીકળેલી બંને બોટનો કરૂણ અંજામ: ૨૫૦ મુસાફરોવાળી પહેલી બોટ લાપતા, જ્યારે ૨૮૦ લોકો ભરેલી બીજી બોટ ૮ જુલાઈએ સમુદ્રમાં ગરકાવ થઈ

નવી દિલ્હી, તા.૧૬

બંગાળની ખાડીમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. મ્યાનમારના અત્યાચારથી બચીને સુરક્ષિત જીવનની શોધમાં પલાયન કરી રહેલા લઘુમતી રોહિંગ્યા સમુદાયના લોકોને લઈ જતી બે મોટી બોટ સમુદ્રના તોફાની મોજાઓમાં ગરકાવ થઈ ગઈ છે. આ ભયાનક દરિયાઈ અકસ્માતમાં ૫૦૦ થી વધુ લોકોના કરુણ મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર (ગ્ગ) ની સંસ્થાઓએ આ મામલે સત્તાવાર નિવેદન જાહેર કરીને ઉંડી ચિંતા વ્યક્ત કરી છે.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, આ બંને બોટ જૂન મહિનાના અંતમાં મ્યાનમારના પશ્ચિમ રાજ્ય રખાઇનથી રવાના થઈ હતી. આ બોટમાં સવાર મોટાભાગના મુસાફરો રોહિંગ્યા સમુદાયના હતા. આ ઉપરાંત, કેટલાક એવા શરણાર્થીઓ પણ હતા જેમણે બાંગ્લાદેશની સરહદ પર આવેલા શરણાર્થી શિબિરો (રેફ્યુજી કેમ્પ) માંથી ગેરકાયદેસર અને અત્યંત જોખમી રીતે આ દરિયાઈ મુસાફરી શરૂ કરી હતી. જીવ બચાવવા નીકળેલા આ ગરીબ પરિવારોને ખ્યાલ નહોતો કે દરિયો જ તેમનો કાળ બની જશે.



આ ગોઝારી દુર્ઘટના અંગે ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન (IOM) અને યુનાઇટેડ નેશન્સ હાઇ કમિશનર ફોર રેફ્યુજીસ (UNHCR) દ્વારા એક સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું છે. અહેવાલ મુજબ પહેલી બોટમાં આશરે ૨૫૦ જેટલા લોકો સવાર હતા. રખાઇનથી રવાના થયાના થોડા જ સમય બાદ આ બોટનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો હતો, જેનો આજદિન સુધી કોઈ અતોપતો નથી. જ્યારે આશરે ૨૮૦ લોકોને લઈ જઈ રહેલી બીજી બોટ ૮ જુલાઈના રોજ મ્યાનમારના અય્યાયારવાડી (Ayeyarwady) કિનારા નજીક સમુદ્રમાં ડૂબી ગઈ હોવાનું માનવામાં આવે છે.

બંને બોટના મળીને કુલ ૫૩૦ લોકો હાલ લાપતા છે. દિવસો વીતી ગયા હોવાથી અને દરિયાની ભયાનક સ્થિતિ જોતાં હવે આમાંથી કોઈના પણ બચવાની આશા નહિવત હોવાનું આંતરરાષ્ટ્રીય એજન્સીઓ માની રહી છે.

### માનવ તસ્કરી અને મજબૂરીનો ભોગ બનતા શરણાર્થીઓ

આ હચમચાવી મુકનારી ઘટનાએ ફરી એકવાર રોહિંગ્યા શરણાર્થીઓની સુરક્ષા અને દરિયાઈ માર્ગે થતી જોખમી માનવ તસ્કરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. વધુ સારા અને સુરક્ષિત જીવનની આશામાં આ શરણાર્થીઓ માનવ તસ્કરોનો શિકાર બને છે. ક્ષમતા કરતા વધુ લોકોને ઘેટા–બકરાની જેમ ભરીને જતી આવી જર્જરિત અને સુરક્ષાના કોઈ જ સાધનો વગરની બોટનો સહારો લેવા તેઓ મજબૂર બને છે, જે અંતે કાળમુખી સાબિત થાય છે. સંયુક્ત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય સમુદાયને આ મામલે નક્કર પગલાં લેવા અપીલ કરી છે.

### વળતા જવાબમાં કુવૈત પર ભીષણ ડ્રોન હુમલો

## ઈરાનમાં બાળકોની હોસ્પિટલ પર બોંબમારો

નવીદિલ્હી,તા.૧૬

અમેરિકાના ઈરાન પરના હુમલા બાદ યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. ઈરાને કુવૈત પર ડ્રોન હુમલા કર્યા. કુવૈતની સેનાએ જણાવ્યું કે, તેમની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈને ઈરાની ડ્રોનનો સામનો કરી રહી છે. AFPના પત્રકારે કુવૈત સિટી નજીક વિસ્ફોટોના અવાજો સાંભળ્યા. ઈરાને ધમકી આપી છે કે, જો અમેરિકા પાવર પ્લાન્ટ અને પુલ પર હુમલા કરશે, તો તેઓ સમગ્ર વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવશે.

અમેરિકી હુમલા વચ્ચે ઈરાન હાલ પોતાના અસ્તિત્વના સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. બુધવારે રાત્રે અમેરિકાએ ઈરાન પર અનેક હુમલા કર્યા હતા. આ હુમલાઓનું નિશાન ઈરાનની કેન્સર હોસ્પિટલ બની હતી. ઈરાનમાં પરિસ્થિતિ એવી સર્જાઈ કે, કીમોથેરાપી કરાવી રહેલા નિર્દોષ બાળકોને તાબડતોબ હોસ્પિટલમાંથી જીવ બચાવીને ભાગવું પડ્યું હતું. આ હૃદયદ્રાવક ઘટના ઈરાનની 'શાહિદ બકાઈ હોસ્પિટલ' ની છે, જ્યાં બુધવારે રાત્રે અનેક બાળકોની કીમોથેરાપી ચાલી રહી હતી, ત્યારે જ અમેરિકાના હુમલા શરૂ થઈ ગયા અને હોસ્પિટલમાં ચીસાચીસ તેમજ અફરાતફરી મચી ગઈ હતી. અમેરિકી સેનાની સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ જણાવ્યું કે, તેની સેનાઓએ હોર્મુઝની સામુદ્રધુનીમાં 'નિર્દોષ નાવિકોને ડરાવવાની ઈરાનની ક્ષમતાને નબળી કરવા' માટે દરિયાકાંઠાના શહેર બંદર અબ્બાસ સહિત અનેક સ્થળોએ ઈરાની સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા છે.

કુવૈતની સેનાએ માહિતી આપી છે કે, તેના પર ઈરાન દ્વારા ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે, જેનો તેઓ જડબાતોડ જવાબ આપી રહ્યા છે. કુવૈતની સેનાએ એક



નિવેદનમાં જણાવ્યું કે, ઈરાનના આ હુમલા બાદ કુવૈતની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈ ગઈ છે, અને દુશ્મનના ડ્રોન હુમલાનો સામનો કરી રહી છે. બીજી તરફ, AFPના એક પત્રકારે ખાડી દેશની રાજધાની કુવૈત સિટી નજીક ભયાનક વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હોવાની પુષ્ટિ કરી છે. આજે સૌથી પહેલા અમેરિકાએ ઈરાન પર હુમલા કર્યા હતા. તેના જવાબમાં તેહરાને ખાડી દેશોમાં અમેરિકાના સહયોગીઓ પર જવાબી હુમલા શરૂ કર્યા છે. તેહરાને ધમકી આપી છે કે, જો અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનમાં પાવર પ્લાન્ટ અને પુલ પર હુમલો કરવાની તેમની ધમકી પર આગળ વધશે, તો તેઓ સમગ્ર વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવશે. આ પહેલા બંને દેશો વચ્ચે હુમલાનો વધુ એક રાઉન્ડ થયો હતો. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું કે, તેમણે જોર્ડનમાં અમેરિકી એર બેઝ પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો. આ હુમલો તેમણે ઈસ્લામિક દેશમાં બાળકોની કેન્સર હોસ્પિટલ નજીક થયેલા અમેરિકી હુમલાના જવાબમાં કર્યો હોવાનું જણાવ્યું હતું.

### હવે બળજબરીપૂર્વકની મજૂરીથી બનેલી

## વિદેશી ચીજવસ્તુઓની દેશમાં 'નો એન્ટ્રી'

નવી દિલ્હી, તા.૧૬

ભારતે વિદેશ વ્યાપાર નીતિમાં મોટો ફેરફાર કરતા બળજબરીપૂર્વકની મજૂરી (Forced Labour)થી બનેલી ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાની કાનૂની જોગવાઈ કરી છે. આ પગલું વૈશ્વિક માનવાધિકારના ધોરણો, પારદર્શક સપ્લાય ચેઈન અને જવાબદાર વ્યાપારને પ્રોત્સાહન આપશે.

ભારતે પોતાની વિદેશ વ્યાપાર નીતિ (Foreign Trade Policy - FTP) ૨૦૨૩માં મોટો ફેરફાર કરીને પ્રથમ વખત એવી કાયદાકીયની જોગવાઈ ઉમેરી છે, જેના હેઠળ બળજબરીપૂર્વકની મજૂરીથી બનેલી ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ લગાવી શકાશે. આ પગલાને ભારતની વ્યાપાર નીતિમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન માનવામાં આવી રહ્યું છે. તેનો હેતુ વૈશ્વિક સ્તરે માનવાધિકારોનું રક્ષણ, પારદર્શક સપ્લાય ચેઈન અને જવાબદાર વ્યાપાર (Responsible Trade)ને પ્રોત્સાહન આપવાનો છે.

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)ના નવા નોટિફિકેશન હેઠળ, FTPમાં નવો પેરા ૨.૨૦ઈ ઉમેરવામાં આવ્યો છે. આ મુજબ, જો કોઈ ઉત્પાદનના નિર્માણમાં સંપૂર્ણ અથવા આંશિક



ભારતનો મોટો નિર્ણય! : આયાત પર પ્રતિબંધ મૂકવાની કાનૂની જોગવાઈ

રીતે બળજબરીપૂર્વકની મજૂરીનો ઉપયોગ થયો હોવાના પુરાવા મળશે, તો કેન્દ્ર સરકાર તપાસના આધારે તે ઉત્પાદનને સૂચિત કરીને તેની આયાત પર પ્રતિબંધ મૂકી શકે છે. આ મામલે તપાસની જવાબદારી DGFTની રહેશે, અને આખી પ્રક્રિયા 'હેન્ડબુક ઓફ પ્રોસિજર્સ' માં નક્કી કરેલા નિયમો અનુસાર પૂર્ણ કરવામાં આવશે.

નવા નોટિફિકેશનમાં પ્રથમ વખત બળજબરીપૂર્વકની મજૂરી (Forced Labour)ની સત્તાવાર વ્યાખ્યા પણ સામેલ કરવામાં આવી છે. FTPના નવા પેરા ૧૧.૬૪ માં ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (ILO) ના 'ફોર્સ્ડ લેબર કન્વેન્શન, ૧૯૩૦' (Convention No. 29) નો હવાલો આપીને કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ વ્યક્તિ પાસે તેની ઈચ્છા વિરુદ્ધ, ડર, ધમકી કે, કોઈ સજાના દબાણ હેઠળ કરાવવામાં આવેલું કામ બળજબરીપૂર્વકની મજૂરી ગણાશે. આ ફેરફારથી ભવિષ્યમાં આવા કેસોની ઓળખ અને તપાસ માટે સ્પષ્ટ કાનૂની આધાર ઉપલબ્ધ થશે.

સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનમાં કોઈ ચોક્કસ દેશ, કંપની કે પ્રોડક્ટનું નામ લેવામાં આવ્યું નથી. એટલે કે, આ નિયમ કોઈ એક દેશને નિશાન બનાવવા માટે બનાવવામાં આવ્યો નથી. ભવિષ્યમાં જો કોઈ પણ દેશમાંથી આવતા ઉત્પાદનમાં બળજબરીપૂર્વકની મજૂરીનો ઉપયોગ સાબિત થશે, તો તેની આયાત રોકી શકાશે.

જો કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનના શિનજિયાંગ (Xinjiang) પ્રદેશમાં બનતી કેટલીક ચીજવસ્તુઓને લઈને ભારે ચર્ચા થતી રહી છે. અમેરિકા, સંયુક્ત રાષ્ટ્રના કેટલાક નિષ્ણાતો અને માનવાધિકાર સંગઠનો આક્ષેપ કરતા રહ્યા છે કે, ત્યાં ઉઇગર મુસ્લિમ સમુદાય અને અન્ય લઘુમતીઓ પાસે બળજબરીપૂર્વક મજૂરી કરાવવામાં આવે છે. જો કે, ચીન આ આરોપોને સતત નકારતું આવ્યું છે.

### ભારતે ઇંધણની નિકાસ પર વધાર્યો ટેક્સ, અમેરિકા-ઈરાન યુદ્ધની અસરનો ઓછાયો

## ડીઝલ-જેટ ઇંધણ પર ટેક્સમાં ધરખમ વધારો

નવી દિલ્હી, તા.૧૭

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઇલની કિંમતો સતત વધી રહી છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત સરકારે દેશમાં ઇંધણની તંગી અને મોંઘવારી રોકવા માટે મોટો નિર્ણય લીધો છે. સરકારે ડીઝલ અને જેટ ઇંધણ (ATF)ના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો ઝીંકી દીધો છે. આ નવા દરો આજથી એટલે કે ગુરુવાર, ૧૬ જુલાઈથી જ અમલી બની ગયા છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, ડીઝલના નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર ૮.૫ રૂપિયાથી સીધો વધારીને ૧૫.૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિમાનમાં વપરાતા એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ઇંધણ પરનો ટેક્સ પણ પ્રતિ લીટર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫ રૂપિયા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલ મોંઘું થતાં સરકારે નિકાસને અંકુશમાં લેવા આ પગલું ભર્યું છે. આર્થિક વિશ્લેષકોના મતે, સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ દેશની અંદર પેટ્રોલ, ડીઝલ અને જેટ ઇંધણની કિંમતોને નિયંત્રણમાં રાખવાનો છે. જો સરકાર નિકાસ પરનો ટેક્સ ન વધારે, તો ભારતની ખાનગી રિફાઇનિંગ કંપનીઓ વધુ નફો કમાવવાની લાલચમાં સ્થાનિક બજારમાં સપ્લાય કરવાને બદલે વિદેશોમાં ઇંધણ મોકલવાનું વધારી દે. જો એવું થાય તો ભારતમાં ઓઇલની ભારે તંગી સર્જાય અને મોંઘવારી આસમાને પહોંચી શકે છે, જેને રોકવા સરકારે આ વ્યૂહનીતિ અપનાવી છે. નિકાસ પર ટેક્સ વધવાને કારણે રિફાઇનરી



કંપનીઓ માટે વિદેશમાં ડીઝલ વેચવું મોંઘું પડશે, જેથી તેઓ સ્થાનિક બજારમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવશે. દેશમાં ડીઝલનો પૂરતો સ્ટોક રહેવાથી માલસામાનની હેરફેરનો ખર્ચ (ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ) સ્થિર રાખવામાં મદદ મળશે. આના કારણે સામાન્ય જનતા પર જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારીનો સીધો અને તાત્કાલિક બોજ નહીં પડે.

બીજી તરફ, જેટ ઇંધણ (ATF) પર નિકાસ ટેક્સ વધારવાના કારણે દેશની સ્થાનિક એરલાઇન્સ કંપનીઓ માટે ઇંધણની અછત નહીં સર્જાય. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલ મોંઘું થવાને કારણે વૈશ્વિક બજારમાં જેટ ઇંધણની કિંમતો ઊંચી રહેશે. આ સ્થિતિને જોતાં આગામી દિવસોમાં એરલાઇન્સ કંપનીઓ ભાડામાં વધારો કરી શકે છે, જેનાથી સામાન્ય લોકો માટે હવાઈ સફરની ટિકિટો મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો...

## ખેતીની જમીનના વેચાણમાં વારસદારોને પહેલો હક આપવો ફરજિયાત

નવી દિલ્હી, તા.૧૬

દેશની સર્વોચ્ચ અદાલતે મિલકત અને જમીનના વારસાના અધિકારો અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને દૂરગામી અસર કરતો ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ (Hindu Succession Act) હેઠળ નજીકના પરિવારના સભ્યોને આપવામાં આવેલા વિશેષ અધિકારો માત્ર મકાન કે અન્ય મિલકત પૂરતા સીમિત નથી, પરંતુ તે ખેતીની જમીન (Agricultural Land) પર પણ સમાન રીતે લાગુ પડે છે. હવેથી કોઈ પણ વારસદાર પોતાની ખેતીની જમીનનો હિસ્સો પરિવારની બહારની વ્યક્તિને સીધો વેચી શકશે નહીં.

શું છે કાયદાની કલમ ૨૨ નો નિયમ? સર્વોચ્ચ અદાલતે કાયદાકીય અર્થઘટન કરતા જણાવ્યું હતું કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૨૨ મુજબ 'વર્ગ-૧ (Class-I) વારસદારો' ને સહ-વારસદાર દ્વારા ટ્રાન્સફર કે વેચાણ માટે કાઢવામાં આવેલી મિલકત ખરીદવાનો પ્રાધાન્ય અધિકાર (Right of Pre-emption એટલે કે પહેલા ખરીદવાનો હક) મળે છે. જો પરિવારના કોઈ સભ્યને વારસામાં ખેતીની જમીન મળે છે અને તે પોતાનો હિસ્સો કોઈ બહારની વ્યક્તિ (થર્ડ પાર્ટી) ને વેચવા માંગે છે, તો તેણે સીધો સોદો કરવાને બદલે સૌથી પહેલાં પરિવારના અન્ય 'વર્ગ-૧' વારસદારોને તે જમીન ખરીદવાની તક આપવી પડશે. જો પરિવારના સભ્યો તે ખરીદવાની ના પાડે, ત્યારબાદ જ તે અન્ય કોઈને વેચી શકાશે.

'મહિન્દર વિરુદ્ધ પૂરણસિંહ' કેસમાં લેવાયો મોટો નિર્ણય સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજય કરોલ અને ન્યાયાધીશ એન. કોટિશ્વરસિંહની ખંડપીઠે 'મહિન્દર અને અન્ય વિરુદ્ધ પૂરણસિંહ' કેસમાં આ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે, જે હિન્દુઓમાં પૂર્વજોની મિલકત અંગેના અધિકારોને સીધી અસર કરશે.

આ કેસની વિગતો જોઈએ તો, અરજદાર અને પ્રતિવાદીઓ સગા ભાઈઓ હતા, જેમને તેમના પિતાની ખેતીની જમીન 'વર્ગ-૧' ના વારસદાર તરીકે મળી હતી. આ પૈકીના કેટલાક વારસદારોએ સામૂહિક રીતે પોતાના ભાગની ખેતીની જમીન એક તૃતીય પક્ષ (પૂનમ નામની વ્યક્તિ) ને ૨૮ ડિસેમ્બર, ૨૦૧૧ ના રોજ વેચી દીધી હતી. જોકે, પરિવારના અન્ય એક સભ્યે આ વેચાણ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૨૨ નો ઉપયોગ કરીને સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરીને તેને પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે અપીલકર્તા મહિન્દરની અપીલ ફગાવી દેતા, પ્રથમ અપીલ કોર્ટ અને હાઇકોર્ટના નિર્ણયોને સમર્થન આપ્યું હતું અને ઠરાવ્યું હતું કે કલમ ૨૨ ખેતીની જમીન પર પણ સંપૂર્ણ રીતે લાગુ પડે છે.

'ક્લાસ-૧' વારસદારોમાં કોનો સમાવેશ થાય છે? સુપ્રીમ કોર્ટે પોતાના અવલોકનમાં એ પણ સ્પષ્ટ કર્યું કે, આ વિશેષ અધિકાર માત્ર 'વર્ગ-૧' (Class-I) ના વારસદારો સુધી જ મર્યાદિત છે. આ વર્ગમાં મુખ્યત્વે પુત્રો, પુત્રીઓ, પત્નીઓ અને માતાનો સમાવેશ થાય છે (એટલે કે જેમને એક જ વ્યક્તિ પાસેથી સીધા વારસામાં મિલકત મળી છે). આથી, માત્ર અગાઉના કોઈ ચુકાદાનો આધાર લઈને કલમ ૨૨ ની જોગવાઈઓને રદ કરી શકાય નહીં.

કાયદો રદ કરાય તો અરાજકતા ફેલાયઃ સુપ્રીમ કોર્ટ કોર્ટે કાયદાકીય પ્રક્રિયાના મહત્વને સમજાવતા કડક શબ્દોમાં નોંધ્યું હતું કે, જો કાયદેસર રીતે અને માન્ય પ્રક્રિયાથી ઘડાયેલા કાયદાને અન્ય કોઈ સંદર્ભોમાં કરવામાં આવેલા અવલોકનોના આધારે સરળતાથી રદ કરી દેવામાં આવે, તો તેનાથી કાનૂની વ્યવસ્થામાં અરાજકતાની સ્થિતિ સર્જાશે. તે મહત્વપૂર્ણ સિદ્ધાંતો અને સ્થાપિત આધારોને નબળી પાડશે. સુપ્રીમ કોર્ટે પંજાબ કાયદાની કલમ ૧૫ ની સરખામણી હિન્દુ ઉત્તરાધિકાર કાયદાની કલમ ૨૨ સાથે કરતા જણાવ્યું કે, બંને કલમો 'પૂર્વ-એમ્પ્શનના અધિકાર' (પહેલા ઇનકારનો અધિકાર - Right of first refusal) સાથે સંબંધિત હોવા છતાં, તે બંને સંપૂર્ણપણે સમાન નથી.



હિન્દુ વારસા કાયદો (હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ) હવે કૃષિ જમીનને પણ સમાન રીતે લાગુ પડશેઃ થર્ડ પાર્ટીને જમીન વેચતા પહેલાં સહ–વારસદારોને ખરીદવાની તક આપવી કાયદેસર રીતે જરૂરી

# જગન્નાથ રથયાત્રાનું રિયલ-ટાઈમ મોનિટરિંગ કરતા CM

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે CM ડેશબોર્ડ પરથી નિહાળી રથયાત્રા : AI અને ડ્રોનથી ચાંપતી નજર





અમદાવાદ, તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં યોજાયેલી ૧૪૯મી ઐતિહાસિક ભગવાન જગન્નાથની રથયાત્રામાં આધુનિક ટેકનોલોજી અને સુરક્ષાના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વહેલી સવારે રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યા બાદ, મુખ્યમંત્રીએ ગાંધીનગર સ્થિત તેમના સત્તાવાર નિવાસસ્થાનેથી 'સી.એમ. ડેશબોર્ડ'ની (CM Dashboard) અત્યાધુનિક વિડિયો વોલ મારફતે ભગવાનની સમગ્ર નગરચર્યાનું રિયલ-ટાઈમ જીવંત મોનિટરિંગ કર્યું હતું.

આજે વહેલી સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જમાલપુર સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિરે પહોંચીને ભગવાનના રથનો રસ્તો સોનાના સાવરણાથી સાફ કરવાની વર્ષો જૂની પરંપરાગત 'પહિંદ વિધિ' સંપન્ન કરી હતી. મંગળા આરતી અને પહિંદ વિધિની ધાર્મિક વિધિઓ પૂરી થયા બાદ, મુખ્યમંત્રીએ શ્રદ્ધા અને ભક્તિના પ્રતીક સમાન આ ૧૪૯મી રથયાત્રાને હર્ષોલ્લાસ સાથે પ્રસ્થાન કરાવ્યું હતું.

ક્ષેત્રીય કામગીરી બાદ, બપોરના સમયે મુખ્યમંત્રી પોતાના નિવાસસ્થાને પહોંચ્યા હતા, જ્યાં તેઓ સીધા જ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમમાં ગયા હતા. અહીં વિશાળ વિડિયો વોલ પર રથયાત્રાનું જીવંત પ્રસારણ (Live Streaming) કરવામાં આવી રહ્યું હતું. તેમણે રથયાત્રાના રૂટ પર રથનું સચોટ લોકેશન, ભક્તોની ભીડ, ટ્રાફિક વ્યવસ્થાપન અને કાયદો-વ્યવસ્થાની રિયલ-ટાઈમ સમીક્ષા કરી હતી.

અમદાવાદની રથયાત્રામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે, ત્યારે આ વર્ષે સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે પોલીસ દ્વારા હાઈટેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ પોલીસ વિભાગ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સીસીટીવી નેટવર્ક અને ડ્રોન ટેકનોલોજીની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ અદ્યતન ટેકનોલોજીની મદદથી ભીડ નિયંત્રણ અને કોઈ પણ અનિચ્છનીય બનાવને અટકાવવા માટે થઈ રહેલી નિગરાની અંગે તેમણે અધિકારીઓ પાસેથી તલસ્પર્શી જાણકારી મેળવી હતી.

આ હાઈટેક રિયલ-ટાઈમ મોનિટરિંગ દરમિયાન મુખ્યમંત્રીની સાથે રાજ્યના ટોચના વહીવટી અને પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતા. જેમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રી કાર્યાલય અને ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર, રાજ્યના પોલીસ મહાનિદેશક (DGP) જી.એસ. મલિક સહિત પોલીસ અને અમદાવાદ મહાનગરપાલિકા (AMC) ની ટીમના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ અધિકારીઓએ મુખ્યમંત્રીને ગ્રાઉન્ડ ઝીરોની પરિસ્થિતિ અને સુરક્ષા વ્યવસ્થા અંગે સતત માહિતગાર કર્યા હતા.

રાજ્ય સરકારના આ સક્રિય અભિગમ અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગને કારણે આ વર્ષની રથયાત્રા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે આગળ વધી રહી છે, જે શ્રદ્ધાળુઓ માટે પણ એક મોટી રાહતની વાત છે.

# કોલેજની માન્યતાની વિગતો થશે જગજાહેર




**રાજ્ય કે રાજ્ય બહારની કોલેજો અંગે સત્ય જાહેર કરશે 'ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' : વાલીઓને સજાગ બનવા હાકલ**

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ફાર્મસી અધિનિયમ ૧૯૪૮ની જોગવાઈઓ હેઠળ રચાયેલી આ કાઉન્સિલની કાર્યપ્રણાલી કાયદાકીય નિયમોનું ચુસ્ત અમલીકરણ કરે છે, તેથી ફાર્મસી ક્ષેત્રે પ્રવેશ ઈચ્છતા ઉમેદવારોએ પ્રવેશ લેતા પહેલાં તમામ નિયમોની ચકાસણી કરવી આવશ્યક છે. અધિનિયમની જોગવાઈઓ અનુસાર, ડીપ્લોમા-ઈન-ફાર્મસી અથવા ડીગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી અથવા મેથેમેટિક્સના વિષયો સાથે પાસ કરેલી હોવી ફરજિયાત છે. આ બાબતે ખાસ સ્પષ્ટતા કરવામાં આવે છે કે વિદ્યાર્થીએ ધોરણ-૧૨ની પરીક્ષા સરકાર માન્ય બોર્ડમાંથી જ પાસ કરેલી હોવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થી અમાન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ પાસ કરીને ફાર્મસી કોલેજમાં પ્રવેશ મેળવશે, તો તેનો અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા રજીસ્ટ્રેશનને પાત્ર ગણાશે નહી. ધોરણ-૧૨ ના પરિણામો જાહેર થયા બાદ ફાર્મસી વિદ્યાશાખામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ વચ્ચે ખૂબ સ્પર્ધા જોવા મળે છે. આ સંજોગોમાં, ગુજરાત કે ગુજરાત બહારની કોઈ પણ કોલેજમાં પ્રવેશ લેતાં પહેલાં, તે સંસ્થાને 'ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' - ૐઈઈ દ્વારા યોગ્ય માન્યતા મળી છે કે નહીં તેની અચૂક ચકાસણી કરી લેવી.

આ ઉપરાંત, જે-તે કોલેજમાં કાઉન્સિલ દ્વારા મંજૂર કરવામાં આવેલી બેઠકોની સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો પણ અમાન્ય ગણાશે. જો કોઈ વિદ્યાર્થી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી વગરની સંસ્થામાં પ્રવેશ મેળવશે, મંજૂર બેઠકો કરતાં વધુ બેઠકો પર પ્રવેશ લેશે, અથવા જે સંસ્થાની પરીક્ષા લેતી ઓથોરિટીને ૐઈઈ ની મંજૂરી ન હોય તેવી જગ્યાએ અભ્યાસ કરશે, તો તેવા વિદ્યાર્થીઓને ફાર્મસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન મળવાપાત્ર રહેશે નહીં.

ગુજરાતમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ ફાર્મસી કોલેજોની અધિકૃત યાદી કાઉન્સિલની સત્તાવાર વેબસાઈટ .ાભશ.ક્ષશભ.શક્ષ પર ઉપલબ્ધ છે.વધુ માહિતીમાટે વિદ્યાર્થીઓ અને વાલીઓ 'ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ, જુની નર્સિંગ કોલેજ બિલ્ડિંગ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, બ્લોક નં. ૪/એ, ત્રીજો માળ, કેન્સર હોસ્પિટલ સામે, ગેટ નં. ૬, અસારવા, અમદાવાદ ખાતે રૂબરૂ સંપર્ક કરી શકે છે તેમ, ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### મેડિકલ લાયસન્સની આડમાં ડ્રગ્સનું નેટવર્ક

# ૬.૮૯ કરોડની નશાકારક ગોળીઓ સાથે બે ઝડપાયા

**બનાસકાંઠા એસ.ઓ.જી અને વાવ-થરાદ પોલીસને સફળતા**



રાજકોટ, તા.૧૬

બે અલગ-અલગ જગ્યાએ સફળ રેઈડ કરીને બનાસકાંઠા એસ.ઓ.જી અને વાવ-થરાદ પોલીસે કુલ ૮,૦૬૦ નંગ પ્રતિબંધિત નશાકારક ગોળીઓ ઝડપી પાડી છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં આ જથ્થાની કુલ કિંમત રૂ. ૬,૮૯,૭૭,૬૦૦ આંકવામાં આવી છે. આ મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસ.ઓ.જીની ટીમે થરાદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વિજય બિઝનેસ કોમ્પ્લેક્ષની પાછળ આવેલા માધવ કોમ્પ્લેક્સના પ્રથમ માળે, દુકાન નં. ૧૨ માં દરોડો પાડ્યો હતો. જે દરમિયાન વગર પાસ-પરમિટની, કાયદાથી પ્રતિબંધિત એવી એન.એક્સ. આર ટર્માડોલ હાઈડ્રોક્લોરાઈડ પેરાસીટામોલ (૩૭.૫ ળલ)ની કુલ ૭,૪૦૦ નંગ ગોળીઓ (કિંમત રૂ. ૬,૮૭,૧૩,૬૦૦) તથા અન્ય સામાન મળી કુલ રૂ. ૬,૮૭,૨૩,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. અને મફાભાઈ નાગજીભાઈ રબારીની ધરપકડ કરી છે.

આરોપી મફાભાઈ ડીસા ખાતે આવેલા 'પટેલ મેડીકલ સ્ટોર્સ'માંથી પોતાના 'સિકોતર મેડીકલ' ના લાયસન્સનો દુરુપયોગ કરી હોલસેલમાં આ પ્રતિબંધિત ગોળીઓ ખરીદતો હતો. નિયમ મુજબ ગ્રાહકોને પ્રિસ્ક્રિપ્શનથી દવા આપવાના બદલે તે દુકાનના ઉપરના માળે આવેલા અવાવરૂ ગોડાઉનમાં જથ્થો છુપાવી રાખતો હતો અને ત્યાંથી બારોબાર ગેરકાયદેસર નશાખોરોને ઊંચા ભાવે વેચી દેતો હતો. આરોપી વિરુદ્ધ થરાદ પોલીસ સ્ટેશનમાં NDPS અભમિુજબ ગુનો દાખલ કરાયો છે.

પકડાયેલા મુખ્ય આરોપી મફાભાઈ રબારીની સઘન પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો. તેણે આ નશાકારક ગોળીઓનો કેટલોક જથ્થો વિક્રમભાઈ રાજપુત (રહે. ચોથાનેસડા) ને આપ્યો હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે એસ.ઓ.જી. ટીમે તાત્કાલિક ચોથાનેસડા ગામે આવેલી 'શ્રી પરમેશ્વર કિરાણા સ્ટોર્સ' નામની દુકાને બીજી રેઈડ કરી હતી. પોલીસે કિરાણા સ્ટોર્સની આડમાં છુપાવેલી ટર્માડોલ હાઈડ્રોક્લોરાઈડની કુલ ૬૬૦ નંગ ગોળીઓ (કિંમત રૂ. ૨,૬૪,૦૦૦) તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૨,૭૪,૦૦૦ નો જથ્થો જપ્ત કરાયો છે. અને વિક્રમભાઈ નાગજીભાઈ રાજપુતની ધરપકડ કરી તેની વિરુદ્ધ માવસરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.મેડિકલ લાયસન્સની આડમાં ચાલતા આ કરોડો રૂપિયાના નશાના કાળા કારોબારની ગંભીરતાને જોતાં બનાસકાંઠા-પાલનપુરના ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તથા એફ.એસ.એલ. (FSL)ના ઉચ્ચ અધિકારીએ તાત્કાલિક રેઈડ દરમિયાન ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને કેમિકલ એનાલિસિસની પ્રક્રિયા શરૂ કરી હતી. એસ.ઓ.જીની આ સફળ કામગીરીથી પંથકમાં નશાના સોદાગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# મહિલાના બુરખામાંથી ઝડપાયું ૩૪ લાખનું સોનું

## અબુ-ધાબીથી આવેલી ફ્લાઈટમાં ડ્યુટી ચોરીનો પર્દાફાશઃ AIU દ્વારા ૨૩૩ ગ્રામ વજનના ૨૪ કેરેટ સોનાના બે 'TT બાર' જપ્ત કરાયા, પેસેન્જર પ્રોફાઈલિંગ આધારે થઈ કાર્યવાહી : અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સની કાર્યવાહી




રાજકોટ, તા.૧૬

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિદેશથી આવતા મુસાફરો દ્વારા સોનાની દાણચોરીના પ્રયાસો સતત વધી રહ્યા છે, ત્યારે સ્મગલરો અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. જોકે, કસ્ટમ્સ વિભાગ પણ હવે વધુ સતર્ક બન્યું છે. આજે અમદાવાદ કસ્ટમ્સના 'એર ઈન્ટેલિજન્સ યુનિટ' (અઈઞ) દ્વારા એક મોટી કાર્યવાહી કરતા અબુ-ધાબીથી આવેલી એક મહિલા મુસાફરને અટકાવીને તેના બુરખામાં છુપાવેલું ૩૪ લાખ રૂપિયાથી વધુની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજે ૧૬મી જુલાઈના રોજ અબુ-ધાબીથી અમદાવાદ આવતી ફ્લાઈટ નંબર ૩ચ-૧૧૧ માં એક મહિલા મુસાફરનું એરપોર્ટ પર આગમન થયું હતું. કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (અઈઞ) ના અધિકારીઓને શંકા જતા તેમણે આ મહિલાને અટકાવીને તેની સઘન પૂછપરછ અને તપાસ હાથ ધરી હતી. મહિલા અધિકારીઓ દ્વારા કરાયેલી શારીરિક તપાસ દરમિયાન ચોંકાવનારી હકીકત સામે આવી હતી. આ મહિલાએ કસ્ટમ ડ્યુટી (જકાત) ચૂકવવાનું ટાળવાના ઈરાદાથી પોતાના વસ્ત્રો (બુરખા) ની અંદર ખૂબ જ સિફતપૂર્વક સોનું છુપાવ્યું હતું.

અધિકારીઓએ મહિલાના બુરખામાંથી ૨૪ કેરેટ શુદ્ધતા ધરાવતા સોનાના બે 'ટીટી બાર' (ઝઝ બફતિ) રિકવર કર્યા હતા. જેનું કુલ વજન ૨૩૩ ગ્રામ થવા જાય છે. આંતરરાષ્ટ્રીય બજાર મુજબ આ પકડાયેલા સોનાની કિંમત આશરે ૩૪,૨૯,૨૧૬ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે 'કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨' ની જોગવાઈઓ હેઠળ આ સોનું જપ્ત કરીને મહિલાની અટકાયત કરવામાં આવી છે. હાલમાં આ સોનું ક્યાંથી ખરીદવામાં આવ્યું હતું, કોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને અમદાવાદમાં કોને ડિલિવરી આપવાની હતી, તે દિશામાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનું લઈને બે વ્યક્તિઓ કસ્ટમ્સની નજર ચૂકવીને બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ આ બંનેને નકલી પોલીસે અપહરણ કરીને લૂંટી લીધા હોવાની સનસનીખેજ ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. આ ઘટનાને પગલે કસ્ટમ્સ વિભાગની સુરક્ષા અને ચેકિંગ વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થ ઊભા થયા હતા કે, કસ્ટમ્સના નાક નીચેથી આ બંને લોકો કેવી રીતે સોનું લઈને એરપોર્ટની બહાર નીકળી ગયા?

જોકે, લૂંટાયેલા બંને મુસાફરોએ પોલીસને એવું જણાવ્યું છે કે તેઓ સોનાની ખરીદી અંગેનું બિલ પાછળથી રજૂ કરશે, પરંતુ તેમણે કસ્ટમ્સ સત્તાવાળાઓ સમક્ષ સોનુ લાવ્યા અંગેની સત્તાવાર જાહેરાત (ઉચભહફફિશિંજ્ઞક્ષ) કરી હતી કે નહીં તે હજુ તપાસનો વિષય છે. આ મોટા વિવાદ અને ખળભળાટ વચ્ચે જ આજે અઈઞ દ્વારા ૩૪ લાખનું સોનું પકડી પાડવામાં આવતા એજન્સીની કામગીરીની નોંધ લેવાઈ છે.

### 'પેસેન્જર પ્રોફાઈલિંગ' સિસ્ટમથી દાણચોરો પર સકંજો

અમદાવાદ કસ્ટમ્સ વિભાગ હવે સ્મગલરોને પકડવા માટે હાઈટેક એનાલિસિસનો ઉપયોગ કરી રહ્યું છે. વિભાગ દ્વારા 'પેસેન્જર પ્રોફાઈલિંગ' તૈયાર કરવામાં આવે છે. આ પ્રોફાઈલિંગ અંતર્ગત કયો મુસાફર ક્યારે, ક્યાંથી અને કેટલી વાર ફ્લાઈટમાં પ્રવાસ કરે છે તેની ઝીણવટભરી વિગતોનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે. જે મુસાફરો શંકાસ્પદ રીતે વારંવાર દુબઈ, શારજાહ કે અબુ-ધાબી જેવા રૂટ પર અવરજવર કરતા હોય, તેમના પ્રોફાઈલિંગના આધારે જ એરપોર્ટ પર તેમની ખાસ અને સઘન તપાસ કરવામાં આવે છે, જેના પરિણામે આજે આ મહિલા દાણચોરી કરતા પકડાઈ ગઈ હતી.

# અષાઢી બીજે ૭૦થી વધુ તાલુકામાં મેઘમહેર

**રાજકોટ, બોટાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ, સૌથી વધુ કામરેજમાં ૨ ઈંચ**

રાજકોટ, તા.૧૬

રાજ્યમાં એકસાથે ચાર વેધર સિસ્ટમ (લો પ્રેશર સિસ્ટમ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ) સક્રિય થતાં અષાઢી બીજના પવિત્ર અવસરે વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. આજે અષાઢી બીજના પાવન દિવસે જ સૌરાષ્ટ-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. બપોર સુધીના રાજ્યના ૭૦ કરતા વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના કામરેજમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજકોટ, જામનગર, અને કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. હવામાન વિભાગે આગામી ૭ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે, આજે રથયાત્રાના દિવસે અમદાવાદમાં થન્ડરસ્ટોર્મ અને તેજ પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની ખાસ સંભાવના દર્શાવી છે.

નવસારી શહેર અને જિલ્લામાં દસ દિવસ બાદ વરસાદ, ડાંગરને વધુ પાણીની જરૂર. કેશોદ અને વંથલી પંથકના લોકોને ગરમીથી રાહત મળી. જાવંત્રી, પાણીકોઠા અને વડાલા સહિતના ગ્રામ્યમાં પણ વરસાદ. પૂરની સ્થિતિ અને સામાન્ય વરાપ બાદ ફરી વરસાદ શરૂ. રાજકોટના પડધરી તાલુકામાં એકાએક વાતાવરણ પલટાયું હતું. રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ સરપદળ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજના પવિત્ર દિવસે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ખંભાળા, કેરાળા, મેટોડા, રંગપર અને બોડી ઘોડી સહિતના પથી ૭ ગામોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ટૂંકા સમયમાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. આ મુશળધાર વરસાદને પગલે આજુબાજુની સ્થાનિક નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને નદીઓ બે કાંઠે વહેતી થઈ ગઈ હતી. રાજકોટની આસપાસના ગામમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હોવાના અહેવાલો મળ્યા હતા.

# અષાઢી બીજે ભક્તિનો મહાસાગર

## ભગવાન જગન્નાથજીની ૧૯મી ભવ્ય રથયાત્રા યોજાઈ : 'જય જગન્નાથ'ના નાદ સાથે નગરચર્યાએ નીકળ્યા નાથ








રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજના પવિત્ર પર્વે ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહના ત્રિવેણી સંગમ સમાન ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજાઈ હતી. નાનામૌવા ખાતેથી સવારે ૮:૩૦ વાગ્યે શરૂ થયેલી આ ૧૯મી રથયાત્રામાં હજારોની સંખ્યામાં માનવમેદની ઉમટી પડી હતી. સમગ્ર વાતાવરણ 'જય જગન્નાથ' અને 'જય રણછોડ માખણચોર'ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ પાવન પ્રસંગે રાજવી માંધાતાસિંહના હસ્તે પરંપરાગત પહિંદવિધિ (સોનાની સાવરણીથી રથનો માર્ગ સાફ કરવાની વિધિ) કરવામાં આવી હતી. આ સાથે જ સાંસદ પુરુષોત્તમ રૂપાલા, મેયર ડો. નેહલ શુક્લ અને ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહીને ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા.

રાજકોટની આ રથયાત્રાનું સૌથી મોટું અને ખાસ આકર્ષણ તેનો અંદાજે ૨૨ થી ૨૬ કિલોમીટર જેટલો લાંબો રૂટ છે. જ્યારે ત્રણેય ભવ્ય રથો મંદિરના પ્રાંગણમાંથી બહાર આવ્યા, ત્યારે હજારો ભક્તોની આંખોમાં શ્રદ્ધાના અશ્રુ અને ચહેરા પર ભક્તિનો અનોખો આનંદ જોવા મળ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થતી આ રથયાત્રાએ કોમી એકતા, ભક્તિ અને ભાઈચારાનો અદભુત સંદેશ પ્રસરાવ્યો હતો. આ લાંબા માર્ગ પર ઠેર-ઠેર ભાવિકો દ્વારા ઉત્સાહપૂર્વક ભગવાનનું સ્વાગત અને પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. રથયાત્રાના સમગ્ર રૂટ દરમિયાન સ્વયંસેવકો દ્વારા ભક્તો માટે પીવાનું પાણી, શરબત અને પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેથી સમગ્ર રથયાત્રા શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ શકે.

રથયાત્રાની વિશેષતા એ છે કે તેમાં પ્રથમ રથમાં ભ્રાતા બલભદ્ર, બીજા રથમાં બહેન સુભદ્રાજી અને ત્રીજા રથમાં સ્વયં ભગવાન જગન્નાથજી બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળે છે. જે ભક્તો કોઈ કારણસર મંદિર સુધી આવી શકતા નથી, તેમને દર્શન આપવા માટે ભગવાન પોતે સામે ચાલીને તેમના આંગણે પધારે છે. ભગવાનના દર્શન માત્રથી મનુષ્યનું જીવન મંગલમય અને સુખમય બની જાય છે. ભગવાન જ્યારે નગરચર્યાએ નીકળે ત્યારે રથને સ્પર્શ કરનાર તમામનું કલ્યાણ થાય છે. જે ભક્તો શ્રદ્ધાપૂર્વક રથના દોરડા ખેંચે છે, તેમના હાથની અશુભ રેખાઓ પણ શુભ રેખામાં પરિવર્તિત થઈ જાય છે. રથ પર લહેરાતી પંચરંગી ધ્વજા ભક્તોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે. છેલ્લા ૧૯ વર્ષથી યોજાતી આ રથયાત્રામાં પ્રભુની કૃપાથી અત્યાર સુધી ક્યારેય કોઈ વિઘ્ન આવ્યું નથી.

ગુજરાતમાં ઘણી જગ્યાએ રથયાત્રા યોજાય છે, પરંતુ રાજકોટની રથયાત્રાની એક આગવી વિશેષતા એ છે કે તેમાં વિવિધ અખાડાના સાધુ-સંતો અને સ્થાનિક કલાકારો દ્વારા અદ્ભુત કરતબો અને શૌર્ય પ્રદર્શિત કરવામાં આવે છે. ભગવાન જગન્નાથજીના આશીર્વાદ મેળવવા માટે અબાલ-વૃદ્ધ સૌ કોઈ કલાકો પહેલાં જ રસ્તાની બંને બાજુએ ગોઠવાઈ ગયા હતા. વર્ષો વર્ષ રાજકોટની રથયાત્રાની ભવ્યતા અને ભક્તોની જનમેદનીમાં સતત વધારો થઈ રહ્યો છે, જે દર્શાવે છે કે રાજકોટવાસીઓની ભગવાન જગન્નાથ પ્રત્યેની શ્રદ્ધા અડીખમ અને અતૂટ છે. લાંબી નગરચર્યા પૂર્ણ કરીને જ્યારે રથ ફરીથી પોતાના નિજ મંદિરે પરત ફરશે, ત્યારે ભગવાનની દિવ્ય મહાઆરતી કરવામાં આવશે. આ ભક્તિમય વાતાવરણ સમગ્ર રાજકોટ શહેરને આખા વર્ષ માટે નવી ઉર્જા, ઉત્સાહ અને સકારાત્મકતા પ્રદાન કરી જશે.


# ચાર વિધાનસભા વિસ્તારમાં ૩૭ મતદાન મથકો થશે મર્જ

### મતદાન મથકના પુનઃ ગઠન માટેની કલેકટર કચેરી ખાતે મળી બેઠક

રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેર અને જિલ્લાની આઠ વિધાનસભા બેઠકોના મતદાન મથકોના પુનઃગઠન અંગે જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લાના ચાર વિધાનસભા વિસ્તારોના કુલ ૩૭ મતદાન મથકોને અન્ય મથકો સાથે મર્જ (ભેગા) કરવા અને ૪ નવા મતદાન મથકો ઊભા કરવા માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.




આ સુધારા-વધારા અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી અને રજૂ થયેલા વાંધા તેમજ સૂચનોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયાર કરાયેલી આ દરખાસ્ત મુજબ ગોંડલ, જસદણ, જેતપુર અને ધોરાજી વિધાનસભા બેઠક વિસ્તારના મતદાન મથકોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે અન્ય ચાર વિધાનસભા બેઠકોના મતદાન મથકોના આ ફેરફાર અંગેની દરખાસ્તને બેઠકમાં આખરી ઓપ આપીને હવે અંતિમ મંજૂરી અર્થે ચૂંટણી પંચ (ઇલેક્શન કમિશન)ને મોકલી આપવામાં આવી છે.

# સૌ.યુનિના પરીક્ષા વિભાગનો ચાર્જ ડો. ધીરેન પંડ્યાને

### ખોરવાયેલા વહીવટને પાટે લાવવા કુલપતિનો મોટો નિર્ણય

રાજકોટ, તા. ૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પરીક્ષા વિભાગ છેલ્લા ઘણા સમયથી કથળેલા વહીવટ અને અંધાધૂંધીને કારણે વિવાદોના વમળમાં ફસાયેલો છે, ત્યારે યુનિવર્સિટીના વહીવટી તંત્રને સુધારવા અને વિદ્યાર્થીઓના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ પરીક્ષા વિભાગના ખખડધજ વહીવટને બેઠો કરવા અને તેને ગતિશીલ બનાવવા માટે મોટો વહીવટી ફેરફાર કર્યો છે. જે અંતર્ગત પરીક્ષા વિભાગના ઈન્ચાર્જ નિયામક તરીકે ડો. ધીરેન પંડ્યાની નિમણૂક કરીને તેમને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ડો. ધીરેન પંડ્યા હાલમાં યુનિવર્સિટીના ટીચર્સ ટ્રેનિંગ સેન્ટર (ઇર્છ્ઉઈ) ખાતે ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે. વહીવટી ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા ડો. પંડ્યા અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર (કુલસચિવ) તરીકે પણ યશસ્વી અને સરાહનીય કામગીરી કરી ચૂક્યા છે. આ ઉપરાંત, તેઓ અગાઉ પણ પરીક્ષા નિયામક તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂક્યા હોવાથી પરીક્ષા વિભાગની તમામ આંટીઘૂંટીઓ અને કાર્યપદ્ધતિથી ખૂબ સારી રીતે વાકેફ છે. ભૂતકાળમાં તેમની વહીવટી કુશળતા અને પ્રમાણિક કામગીરીની નોંધ લઈને જ કુલપતિ દ્વારા યુનિવર્સિટીની કટોકટીભરી સ્થિતિમાં વધુ એકવાર તેમના પર ભરોસો મૂકીને પરીક્ષા નિયામકનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.



અહીં એ ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલી વિવિધ ફેકલ્ટીઓની પરીક્ષાઓના અનેક પરિણામો લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. પરિણામોમાં થતા અતિશય વિલંબને કારણે હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ બન્યું છે અને વિદ્યાર્થી આલમમાં ભારે રોષ સાથે દેકારો બોલી ગયો છે. વિદ્યાર્થીઓના આ ગંભીર પ્રશ્ને રાજકીય અને સામાજિક સંગઠનો પણ મેદાને આવ્યા હતા, જેમાં કોંગ્રેસ દ્વારા રાજ્યના શિક્ષણ મંત્રીને રૂબરૂ રજૂઆત કરીને યુનિવર્સિટીના કથળેલા વહીવટ અંગે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

આ વિરોધ પ્રદર્શનોના સિલસિલામાં ગઈકાલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (અઇટક) દ્વારા પણ યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક અનોખો વિરોધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના સત્તાધીશોને સદબુદ્ધિ આવે તે માટે વિદ્યાર્થી પાંખ દ્વારા કેમ્પસમાં હવન-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાથે જ અટકકેલા પરિણામો તત્કાલ જાહેર કરવા અને વિદ્યાર્થીઓને પડતી વિવિધ મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવા માટે કુલપતિ સમક્ષ અત્યંત આક્રમક રજૂઆત કરવામાં આવી હતી. ચારેય તરફથી વધતા જતા દબાણ અને વિદ્યાર્થીઓના આક્રોશને ધ્યાને રાખીને આખરે યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ ત્વરિત એક્શન લીધા હતા અને પરીક્ષા વિભાગના ઈન્ચાર્જ નિયામક તરીકે ડો. ધીરેન પંડ્યાની નિમણૂક કરી દીધી હતી.

# જનકલ્યાણકારી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા

### 'દિશા' સમિતિની યોજાઈ બેઠક : આયુષ્માન કાર્ડની ૩ વર્ષની વેલિડિટી બાબતે જાગૃતિ ફેલાય તેવી વ્યવસ્થા ગોઠવવા મૂક્યો ભાર

રાજકોટ, તા. ૧૬

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં 'દિશા' સમિતિ (ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરિંગ કમિટી)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ૩૩ કચેરીઓ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ જેવી કે અમૃત ૨.૦, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન તેમજ માર્ગ અને મકાન વિભાગના પ્રગતિ હેઠળના વિકાસલક્ષી કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લાના જળાશયો બારેમાસ ભરાયેલા રહે, ચેકડેમોની ક્ષમતા વધારવા, વોટર રીસોર્સિંગ ડેવલપમેન્ટ તેમજ નદી કાંઠે ગંદા પાણીનો પ્રવાહ ન ભળે અને બંને પ્રવાહ અલગ રહે તે પ્રકારની મજબૂત વ્યવસ્થા ગોઠવવા પર ભાર મૂક્યો હતો.




વધુમાં તેમણે આવાસ યોજના હેઠળ ટેન્ડર પ્રક્રિયા અને આવાસ એલોટમેન્ટ વિશે માર્ગદર્શન આપ્યું હતું. વિંછીયા ખાતે કસ્ટમ હાયરિંગ સેન્ટરમાં ખેડૂતોને ટ્રેક્ટર અને રોટાવેટર સહિતના ખેતીલક્ષી સાધનો ભાડે આપવાની કામગીરીની ચર્ચા કરી હતી. ઉપરાંત, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોનું ઓનલાઇન રજીસ્ટ્રેશન અને સોઈલ હેલ્થ કાર્ડ તેમજ પશુપાલન કચેરીની વિવિધ યોજનાઓ, પશુઓની વિવિધ જાતો મુજબ નોંધણીની કામગીરીની છણાવટ કરી હતી. શાળાઓમાં માનવ સંસાધન, સમગ્ર શિક્ષા ગ્રાન્ટના પ્રગતિ અહેવાલ, ઈત્તર પ્રવૃત્તિઓ, આંગણવાડીઓના બાંધકામનું વિશ્લેષણ તેમજ 'ભાર વિનાનું ભણતર' સૂત્ર સાર્થક કરવા જણાવ્યું હતું.

આયુષ્માન કાર્ડની ૦૩ વર્ષની વેલિડિટી બાબતે રિન્યુઅલની કામગીરી થાય તથા આ બાબતે નાગરિકોમાં જાગૃતિ ફેલાઈ તેવી વ્યવસ્થા ગોઠવવા પર ભાર મૂક્યો હતો. રાજકોટના ખેલાડીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ શકે તે માટે સક્ષમ બનાવવા જરૂરી સવલતો ઉભી કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત, લીડ બેન્ક, નાબાર્ડ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા, બી.એસ.એન.એલ., પી.જી.વી.સી.એલ., ગુજરાત ગ્રીન રીવોલ્યુએશન કંપનીની કામગીરીની ચર્ચા કરી હતી.

આ બેઠકના અંતે કલેકટરે 'માય ભારત' એપ્લિકેશન પર જિલ્લાના તમામ યુવાનોનું રજીસ્ટ્રેશન થાય તે બાબતની કાળજી લેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ તકે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એ. કે. વસ્તાણી, આસિસ્ટન્ટ કલેક્ટર ટીનાબેન કલ્યાણ, નિવાસી અધિક કલેક્ટર જે.એચ. બારોટ, અધિક કલેક્ટર ઇલાબેન ચૌહાણ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# જેલમાં ધૂણજો

## થોડી પ્રસિદ્ધિ, થોડા ભક્તોના જોરે હવામાં ઉડતા સૂરજનો અસ્ત



સૌરાષ્ટ્રના ચકચારી ધારા હત્યા કેસે સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું. જુનાગઢ સેસન્સ કોર્ટે આ કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે મુખ્ય આરોપી સૂરજ ભુવા અને તેના ચાર સાથીદારોને આજીવન કારાવાસની સજા ફટકારી છે. આ ચુકાદો સમાજના ઢોંગી તત્વો માટે એક જોરદાર તમાચો છે. થોડીક સોશિયલ મીડિયાની પ્રસિદ્ધિ અને અંધભક્તોના ટોળાના જોરે સૂરજ હવામાં ઉડતો હતો. તેને ભાન નહોતું કે કાયદાના હાથ બહુ લાંબા હોય છે. હવે આ ઢોંગી ભુવાએ આખી જિંદગી જેલના સળિયા પાછળ ધૂણવું પડશે.

આ ઘટના પાછળ અંધશ્રદ્ધા, લાલચ અને આધુનિક આભાસી દુનિયા જવાબદાર છે. મૃતક ધારા પણ સોશિયલ મીડિયાની પ્રસિદ્ધિના રવાડે ચઢી હતી. તે ભાન ભૂલીને પરિણીત સૂરજ સાથે લીવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગી હતી. જ્યારે બંને વચ્ચે આંતરિક વાદ-વિવાદો વધ્યા, ત્યારે સૂરજે ક્રૂરતાપૂર્વક ધારાની હત્યા કરી નાખી.

આ ઘટના દર્શાવે છે કે વાસ્તવિકતાથી દૂર ભાગીને લીધેલા નિર્ણયોનું પરિણામ કેટલું ભયાનક આવી શકે છે. સોશિયલ મીડિયાના ખોટા આકર્ષણમાં અંજાઈ જતી યુવતીઓ માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

આપણા સમાજમાં ધર્મના નામે ધતિંગ કરનારા લોકોનો રાફડો ફાટ્યો છે. પોતાની પાસે દૈવી શક્તિ હોવાના દાવા કરીને આ લોકો ભોળી જનતાને છેતરે છે. વાસ્તવમાં જેની પાસે સાચી દૈવી શક્તિ હોય, તે આદર્શ અને સદાચારી વ્યક્તિ તરીકે ઉભરી આવે. લોકોનું કલ્યાણ કરે. જ્યારે છેતરપિંડી, વ્યભિચાર, લાલચ અને હત્યા જેવા નકૃષ્ટ કાર્યો દૈવી તત્વના નહીં પણ રાક્ષસી વૃત્તિના લક્ષણો છે. સૂરજ અને તેના સાથીદારોએ ભક્તિના નામે રાક્ષસી કૃત્ય આચર્યું છે.

સમાજે હવે જાગૃત થવાની અને આવા લેભાગુ તત્વોથી અંતર રાખવાની જરૂર છે. અંધશ્રદ્ધામાં વહી જવાના બદલે વિવેકબુદ્ધિ વાપરવી ખૂબ જ અનિવાર્ય છે. સૂરજનો અસ્ત એ તમામ ગુનાહિત માનસિકતા ધરાવતા ભુવાઓ માટે કડક ચેતવણી છે. આ સમગ્ર ઘટના સમાજને એક બહુ મોટો અને ગંભીર બોધપાઠ આપે છે. જો સમય રહેતા લોકો આ ઘટનામાંથી નહીં સમજે તો ભવિષ્યમાં આવી બીજી ઘટનાઓ બનતી રહેશે. જો જનતા જાગશે, તો જ આવા પાખંડીઓનો અંત આવશે.

NEET પેપર લીક

# કોચિંગ ઓપરેટરે NTA પેપર સેટરને ૫ લાખ રૂપિયા ચૂકવ્યા' તા

## CBIએ કર્યો મોટો ખુલાસો : લાતુરના કોચિંગ સેન્ટર સંચાલકે રસાયણશાસ્ત્રનું પ્રશ્નપત્ર મેળવવા માટે ૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા

નવીદિલ્હી, તા. ૧૬

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (ઈઇઈ) નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (ગઊઊઝ) પેપર લીક કેસની તપાસ કરી રહી છે. આ લીકના મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત અનેક રાજ્યો સાથે સંબંધ છે. આ દરમિયાન, ઈઇઈએ એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. ઈઇઈના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના લાતુરમાં એક કોચિંગ સેન્ટરના સંચાલક શિવરાજ રઘુનાથ મોટેગાંવકરે પરીક્ષા માટે રસાયણશાસ્ત્રના પ્રશ્નો મેળવવા માટે ₹૫ લાખ ચૂકવ્યા હતા. ઈઇઈએ ખાસ કોર્ટને જણાવ્યું હતું કે આ રકમ પી.વી. કુલકર્ણીને ચૂકવવામાં આવી હતી, જે ગઊઊઝ પરીક્ષાના પ્રશ્નપત્ર તૈયાર કરનાર નેશનલ ટેસ્ટિંગ એજન્સી (ગઝઅ) પેનલનો ભાગ હતા. એજન્સીએ જણાવ્યું હતું કે મોટેગાંવકરનો પુત્ર કુલકર્ણીના રસાયણશાસ્ત્રના ટ્યુશન ક્લાસમાં ગયો હતો, અને પ્રશ્નો કથિત રીતે ત્યાંથી પૂરા પાડવામાં આવ્યા હતા. ઈઇઈના જણાવ્યા અનુસાર, લાતુર કોચિંગ સેન્ટરના સંચાલક શિવરાજ રઘુનાથ મોટેગાંવકરે અન્ય આરોપીઓ સાથે મળીને પરીક્ષા પહેલાં રસાયણશાસ્ત્રના લીક થયેલા પ્રશ્નો મેળવ્યા હતા. કોર્ટમાં દાખલ કરેલા જવાબમાં, એજન્સીએ જણાવ્યું હતું કે આના બદલામાં કથિત રીતે ₹૫ લાખ ચૂકવવામાં આવ્યા હતા.

સીબીઆઈએ મોટેગાંવકરનો ફોન જપ્ત કર્યો, જેમાં ૧૩૨ હસ્તલિખિત રસાયણશાસ્ત્રના પ્રશ્નો ધરાવતા ૩૬ ફોટોગ્રાફ્સ (પાંચ ડુપ્લિકેટ) હતા. આમાંથી ૧૧૧ પ્રશ્નો ગઝઅના માસ્ટર પ્રશ્નપત્ર




સાથે મેળ ખાતા હતા. એવો દાવો કરવામાં આવે છે કે આ ફોટોગ્રાફ્સ મોટેગાંવકરના હસ્તાક્ષરમાં હોવાનું કહેવાય છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે મેટાડેટા વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે આ ફોટોગ્રાફ્સ ૩ મેના રોજ યોજાયેલી ગઊઊઝ (ઞઋ) પરીક્ષાના આશરે ૧૦ દિવસ પહેલા લેવામાં આવ્યા હતા. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, ગઊઊઝ પેપર લીક કેસમાં મોટેગાંવકરની ધરપકડ કરવામાં આવી છે, અને તેની સંપૂર્ણ તપાસ ચાલી રહી છે. સીબીઆઈ આ કથિત પ્રશ્નપત્ર લીક નેટવર્ક અને તેના કાર્યક્ષેત્રમાં અન્ય કોણ સામેલ હતું તેની પણ તપાસ કરી રહી છે. હાલમાં આ કેસ ખાસ કોર્ટમાં ચાલી રહ્યો છે, અને સીબીઆઈએ આરોપીઓ સામેના તેના દાવાઓના સમર્થનમાં કોર્ટમાં આ માહિતી રજૂ કરી છે. આરોપીઓએ હજુ સુધી આ આરોપોનો જવાબ આપ્યો નથી. એજન્સીએ આ કેસમાં ૧૩ લોકોની ધરપકડ કરી છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (ઈઇઈ) એ ગઊઊઝ પેપર લીક કેસમાં એક મોટો ખુલાસો કર્યો છે, જેમાં ખુલાસો થયો છે કે લાતુરમાં એક કોચિંગ સેન્ટર ઓપરેટરે રસાયણશાસ્ત્રનું પ્રશ્નપત્ર મેળવવા માટે ₹૫ લાખ ચૂકવ્યા હતા. સીબીઆઈએ પુષ્ટિ આપી છે કે લીક થયેલા ૧૧૧ પ્રશ્નો ગઝઅના માસ્ટર પ્રશ્નપત્ર સાથે મેળ ખાય છે.

# વૃદ્ધાવસ્થા અને ગંભીર રોગોથી પીડાતા કેદીઓની મુક્તિ માટેની નીતિ બને

## સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર અને રાજ્ય સરકારોને નિર્દેશ

નવીદિલ્હી, તા. ૧૬

ગુરુવારે (૧૬ જુલાઈ) સુપ્રીમ કોર્ટે જેલના કેદીઓ અંગે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચોક્કસ સૂચનાઓ જારી કરી હતી. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે ૭૦ વર્ષથી વધુ ઉંમરના કેદીઓ, ગંભીર બીમારીઓથી પીડાતા કેદીઓ અને શારીરિક વિકલાંગતા ધરાવતા કેદીઓની અકાળ મુક્તિ માટે ત્રણ મહિનાની અંદર નીતિ ઘડવામાં આવે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે આ નીતિમાં પાત્રતા માપદંડો અને મુક્તિ પર વિચારણા કરવાની પ્રક્રિયા સ્પષ્ટ રીતે દર્શાવવી જોઈએ. બેન્ચે જણાવ્યું હતું કે નીતિમાં સ્પષ્ટ પાત્રતા માપદંડો, ગંભીર બીમારીની ચોક્કસ વ્યાખ્યા અને સ્વતંત્ર મેડિકલ બોર્ડ દ્વારા નિષ્પક્ષ તબીબી તપાસ માટેની જોગવાઈ શામેલ હોવી જોઈએ. સુપ્રીમ કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે મુક્તિ અરજીઓ પર વિલંબ કર્યા વિના પ્રક્રિયા કરવામાં આવે. કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ નિર્દેશના પાલન અંગે છ મહિનાની અંદર સોગંદનામું દાખલ કરવાનો પણ આદેશ આપ્યો હતો.કોર્ટે આ નિર્ણય રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (ગઅકજીઅ) દ્વારા ૭૦ વર્ષથી વધુ ઉંમરના કેદીઓ અને ગંભીર બીમારીઓથી પીડાતા કેદીઓની જામીન પર મુક્તિની માંગ કરતી અરજી પર આપ્યો હતો. અરજીમાં કોર્ટને ૭૦ વર્ષથી વધુ ઉંમરના કેદીઓ અને ગંભીર બીમારીઓથી પીડાતા કેદીઓની



મુક્તિને સરળ બનાવવા માટે જરૂરી સૂચનાઓ જારી કરવા જણાવ્યું હતું. અરજીમાં જણાવાયું હતું કે ગંભીર બીમારીઓ ધરાવતા વૃદ્ધ કેદીઓને અને ગંભીર બીમારીઓથી પીડાતા લોકોને વિશેષ તબીબી સંભાળ અને વ્યક્તિગત ધ્યાનની જરૂર હોય છે, પરંતુ જેલમાં વધુ પડતી ભીડને કારણે જેલ વહીવટીતંત્રને આવી સુવિધાઓ પૂરી પાડવાનું મુશ્કેલ બને છે.ચુકાદો આપતાં, બેન્ચે નિર્દેશ આપ્યો કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ નિર્ણયની તારીખથી ત્રણ મહિનાની અંદર વૃદ્ધ અને/અથવા ગંભીર બીમારીથી પીડાતા કેદીઓની વહેલી અને અકાળ મુક્તિ માટે એક વ્યાપક નીતિ બનાવે અને સૂચિત કરે. બેન્ચે એવો પણ નિર્દેશ આપ્યો કે રાજ્યો ગઅકજીઅ સાથે પરામર્શ કરીને તેમની નીતિઓ બનાવે જેથી લાયક કેદીઓની ઓળખ અને પ્રક્રિયામાં વધુ સારા સંકલન સુનિશ્ચિત થાય. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વૃદ્ધ, ગંભીર બીમારીથી પીડાતા અને શારીરિક રીતે અક્ષમ કેદીઓની અકાળ મુક્તિ માટે ત્રણ મહિનાની અંદર નીતિ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. આ નીતિમાં યોગ્યતા માપદંડો, પ્રક્રિયાઓ અને ન્યાયી તબીબી તપાસ માટેની વ્યવસ્થાઓની સ્પષ્ટ રૂપરેખા હોવી જોઈએ.

# ટનલ, રસ્તા અને એરફિલ્ડ



સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વર્ણવ્યો યુદ્ધ જીતવાનો મંત્ર

નવીદિલ્હી, તા . ૧૬

ઇછ્ઘ સ્ટ્રેટેજિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોન્કલેવમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભવિષ્યમાં ટેકનોલોજી-સંચાલિત યુદ્ધમાં, આધુનિક શસ્ત્રો અને લશ્કરી પ્લેટફોર્મની સાથે, રસ્તાઓ, ટનલ, એરફિલ્ડ અને બંદરો પણ એટલા જ મહત્વપૂર્ણ રહેશે. તેમણે ભાર મૂક્યો હતો કે કોઈપણ લશ્કરી કામગીરીની સફળતા માટે મજબૂત સરહદી માળખાગત સુવિધા મહત્વપૂર્ણ છે. સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે ઘણીવાર યુદ્ધની પહેલી લડાઈ સરહદ પર નહીં, પરંતુ સૈનિકોને મોરચા પર લઈ જતી રસ્તા પર શરૂ થાય છે. તેથી, દેશની સુરક્ષામાં સરહદ પર તૈનાત સૈનિક જેટલો જ રોડ બિલ્ડર મહત્વપૂર્ણ છે. ઇછ્ઘ નવી ટેકનોલોજી અપનાવીને વિશ્વ કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. તેમણે અટલ ટનલ, ઉમલિંગ લા અને સેલા ટનલ જેવા પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કર્યો, તેમને ઇછ્ઘ ની ક્ષમતાઓ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં કામ કરવાની ક્ષમતાના ઉદાહરણો ગણાવ્યા.

સંરક્ષણ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે સરકારનો ધ્યેય દેશના દરેક દૂરના વિસ્તારને રોડ, રેલ, હવાઈ અને ડિજિટલ કનેક્ટિવિટી સાથે જોડવાનો છે. તેમણે કહ્યું કે પવાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામથ હેઠળ, સરહદી ગામડાઓને હવે નસ્ત્રદેશના છેલ્લા ગામડાસ્ત્રસ્ત્ર તરીકે નહીં, પરંતુ નસ્ત્રદેશના પ્રથમ ગામડાસ્ત્રસ્ત્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. તેમણે ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઇજનેરોને નવી ટેકનોલોજી, સંશોધન અને સુધારેલી બાંધકામ તકનીકો દ્વારા દેશના વ્યૂહાત્મક માળખાને મજબૂત બનાવવામાં યોગદાન આપવા અપીલ પણ કરી.

આ પ્રસંગે, ઇછ્ઘ ના ડિરેક્ટર જનરલ લેફ્ટનન્ટ જનરલ હરપાલ સિંહે જણાવ્યું હતું કે ભવિષ્યની વ્યૂહાત્મક ક્ષમતા ફક્ત બાંધકામની ગતિ દ્વારા જ નહીં, પરંતુ સ્માર્ટ પ્લાનિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અંઈ), ડિજિટલ મોનિટરિંગ અને આધુનિક બાંધકામ તકનીકો દ્વારા પણ નક્કી કરવામાં આવશે. તેમણે સમજાવ્યું કે ઇછ્ઘ હવે ડિજિટલ પ્લાનિંગ, અંઈ-આધારિત સોલ્યુશન્સ અને આધુનિક મશીનરી દ્વારા ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ માળખાગત સુવિધાઓ વિકસાવી રહ્યું છે. તેમણે પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને ભરતી પ્રક્રિયાઓ માટે બે નવા ડિજિટલ પ્લેટફોર્મ પણ લોન્ચ કર્યા. ત્રણ નવા ઇછ્ઘ પ્રકાશનો અને પુસ્તિકાઓ બહાર પાડવામાં આવી, અને ઇછ્ઘ ગીત પ્રથમ વખત લોન્ચ કરવામાં આવ્યું.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઇછ્ઘ કોન્કલેવમાં જણાવ્યું હતું કે રસ્તાઓ, ટનલ અને એરફિલ્ડ ભવિષ્યના યુદ્ધોમાં વિજય નક્કી કરશે. ભારતનું ધ્યાન શસ્ત્રો કરતાં સરહદી માળખાગત સુવિધાઓ પર વધુ છે. તેમણે કહ્યું કે બોર્ડર રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે (ઇછ્ઘ) દેશની સુરક્ષામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ઐતરેય ઉપનિષદનો મુખ્ય બોધ સૃષ્ટિ સર્જન અને પોષણ છે! એને જીવ કંઈ રીતે અનુસરે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે શુક્રવાર એટલે ઉપનિષદીય સૂત્રો થકી તત્વ જ્ઞાન વિશે ચિંતન કરવાનો દિવસ. આપણે અત્યાર સુધીમાં છ ઉપનિષદ વિશે મહત્વનાં શ્લોક અને એનાં પર ચિંતન કર્યું! મૂળમાં સાધકને હું કોણ છું? અને આ જગત શેને કારણે છે,? એવાં પ્રશ્નો પર જીજ્ઞાસા થાય છે, અને ગુરુકુળમાં ભણતાં શિષ્યોને ગુરુ તત્વ જ્ઞાનથી બ્રહ્મ જ્ઞાન સુધી દોરી જાય છે, આ જ્ઞાનની સીડીના ઘણાં પગથિયાં છે, એક એક જીજ્ઞાસાથી આત્મ દર્શન અને બ્રહ્મ સાક્ષાત્કારનાં રહસ્યની ગૂથ્લીનો ઉકેલ આવે છે! પરંતુ સાક્ષાત્કારની જ્યાં સુધી અનુભૂતિ થતી નથી, ત્યાં સુધી એ માત્ર માહિતી બની રહે છે, સાધકે તત્વતઃ એ સત્યને સ્વીકારવું રહ્યું. સંક્ષેપમાં, ઉપનિષદોનો મુખ્ય ઉદ્દેશ આત્મજ્ઞાન દ્વારા બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવી મનુષ્યને મોક્ષ સુધી પહોંચાડવાનો છે. પ્રશ્ન ઉપનિષદ પછી હવે ક્રમમાં ઐતરેય ઉપનિષદ આવે છે અને આજે આપણે એનાં વિશે ચિંતન કરીશું

ઐતરેય ઉપનિષદ આરણ્યકના બીજા ભાગમાંથી લેવામાં આવ્યું છે, આ ઉપનિષદ ત્રણ અધ્યાય, છ ખંડ, અને ૨૩ શ્લોક ધરાવે છે. ઐતરેય શબ્દનો મુખ્ય અર્થ નસ્ત્રઈતરા ઋષિનાં વંશજ એવો થાય છે. ઋગ્વેદના મહાન ઋષિ મહિદાસ ઈતરાના પુત્ર હતા, અને તેમનાં દ્વારા જ વૈદિક સાહિત્યના ગ્રંથો જેવા કે ઐતરેય બ્રાહ્મણ, ઐતરેય આરણ્યક, અને મુખ્ય ઉપનિષદ પ્રગટ થયા હોવાથી આ નામ પડ્યું છે. આરણ્યકના ચોથા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયનો ભાગ, જે બ્રહ્મવિદ્યા અને સૃષ્ટિના સર્જન વિશે જ્ઞાન આપે છે. વૈદિક સાહિત્યમાં તે નીચે મુજબના મુખ્ય ગ્રંથોને દર્શાવે છેઃ

ઐતરેય બ્રાહ્મણઃ કર્મકાંડી બ્રાહ્મણો માટે ઋગ્વેદનાં કર્મકાંડ અને યજ્ઞ વિધિઓને સમજાવતો પ્રાચીન ગ્રંથ.

ઐતરેય આરણ્યકઃ ઋગ્વેદનો એવો ભાગ જેમાં જંગલમાં રહીને કરવામાં આવતી આધ્યાત્મિક સાધના અને રહસ્યો વર્ણવ્યા છે.

ઐતરેય ઉપનિષદઃ આરણ્યકના ચોથા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયનો ભાગ, જે બ્રહ્મવિદ્યા અને સૃષ્ટિના સર્જન વિશે જ્ઞાન આપે છે.

(૧)ઐતરેય ઉપનિષદનો પ્રથમ અધ્યાય.

** આત્મા વા ઇદમેક એવાગ્ર આસીત્મ નાન્યત્કિંચન મિષત્મ સ ઈક્ષત લોકાન્નુ સૃજા ઇતિય

સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં માત્ર પરમાત્મા જ હતાં, તેમના સિવાય બીજું કંઈ જ નહોતું. પછી તેમણે વિચાર કર્યો કે હું વિવિધ લોકનું સર્જન કરું.

સમગ્ર સૃષ્ટિ એક જ મૂળમાંથી ઉત્પન્ન થઈ છે.

સમગ્ર બ્રહ્માંડનું મૂળ એક જ ચૈતન્ય છે.

દેખાતી અનેકતા પાછળ એક જ પરમ સત્ય પરમાત્મા રહેલ છે.આત્મજ્ઞાન એટલે શું ! આત્મા અને પરમાત્મા નાં એકત્વને અનુભવવું.

જ્યારે સાધક આ સત્યનો અનુભવ કરે છે, ત્યારે ભેદભાવ દૂર થાય છે અને બ્રહ્મભાવ પ્રગટે છે.

**સ ઈમા લોકાનસૃજતમ અંભઃ મરીચીઃ મરમાપઃય

પરમાત્માએ ચાર લોકોનું સર્જન કર્યું, અંભઃ એટલે કે ઊર્ધ્વલોક, મરીચિ લોક એટલે કે અંતરિક્ષ, પૃથ્વી અને આપ, એટલે કે જળલોક

સૃષ્ટિ વ્યવસ્થિત અને નિયમબદ્ધ છે.

દરેક તત્ત્વનું પોતાનું સ્થાન અને કાર્ય છે.

સમગ્ર સૃષ્ટિ ઈશ્વરની યોજના અનુસાર કાર્ય કરે છે. મનુષ્ય પણ આ વૈશ્વિક વ્યવસ્થાનો એક ભાગ છે.

**સ ઈક્ષતમ ઇમે નુ લોકાઃ લોકપાલાન્નુ સૃજા ઇતિય

પરમાત્માએ વિચાર કર્યો કે આ લોકની રક્ષા માટે તેમનાં પાલકોનું સર્જન કરવું જોઈએ, પરંતુ

માત્ર સર્જન કરવું પૂરતું નથી; તેનું સંરક્ષણ પણ જરૂરી છે. ઈશ્વર માત્ર સર્જનકર્તા જ નથી, પરંતુ પાલનકર્તા પણ છે.

**સ એતમેવ પુરુષં બ્રહ્મ તતમમ અસૃજત

આગળનાં શ્લોકમાં વર્ણન આવે છે કે પરમાત્માએ શરીરની રચના કરી અને પછી તેમાં આત્મારૂપે પ્રવેશ કર્યો. ત્યારે જ શરીર ચેતન અને કાર્યશીલ બન્યું. શરીરનું મૂલ્ય છે, પરંતુ તેને જીવંત બનાવનાર ચેતના વધુ મહત્ત્વની છે.

શરીર નાશવંત છે, આત્મા નિત્ય છે.

સાચી ઓળખ શરીરની નહીં, આત્માની છે.

આત્મસાક્ષાત્કાર જીવનનું પરમ લક્ષ્ય છે.

ઐતરેય ઉપનિષદના પ્રથમ અધ્યાયના આ ચાર શ્લોકના ચિંતન પરથી ખ્યાલ આવે છે કે ત્રણ મુખ્ય સત્ય છેઃ

**સમગ્ર સૃષ્ટિનું મૂળ આત્મા એટલે કે પરબ્રહ્મ છે.

**આત્મા જ દરેક જીવમાં ચૈતન્યરૂપે વસે છે.

**પોતાના આત્મસ્વરૂપને ઓળખવું એ જ જીવનનું સર્વોચ્ચ જ્ઞાન અને મોક્ષનો માર્ગ છે.

નસ્ત્રઆત્મા જ સર્વનું મૂળ છે; આત્મજ્ઞાન જ જીવનનું પરમ લક્ષ્ય છે.સ્ત્રસ્ત્ર

ઐતરેય ઉપનિષદની મુખ્ય ફિલસૂફી આત્મજ્ઞાન અને બ્રહ્મવિદ્યા એટલે કે પરમ સત્ય પર આધારિત છે. તે સૃષ્ટિના સર્જન, જીવ અને ઈશ્વરના એકત્વ વિશે ઊંડું ચિંતન રજૂ કરે છે.આ ઉપનિષદના મુખ્ય આધ્યાત્મિક સિદ્ધાંતો નીચે મુજબ છેઃ

૧. સૃષ્ટિની ઉત્પત્તિ (સૃષ્ટિ વિજ્ઞાન)

જગતની શરૂઆતમાં માત્ર નસ્ત્રએકમાત્ર આત્મા એવંમ પરમાત્મા જ અસ્તિત્વમાં હતો.અન્ય કોઈ પણ શક્તિ અથવા વસ્તુ ત્યારે હાજર નહોતી.ઈશ્વરે સંકલ્પ કર્યો કે, નસ્ત્રહું લોક રુપી જગતની રચના કરું.સ્ત્રસ્ત્રતેમના સંકલ્પ માત્રથી જ પાણી, પ્રકાશ, પૃથ્વી અને લોકપાળો, ક્ષેત્રપાળ એટલે કે દેવતાઓ ઉત્પન્ન થયા. ઉપનિષદ કોઈ પણ હોય, કાળની ગતિ આપણી આસપાસ એટલી હદે તીવ્રતાથી વ્યાપેલી છે કે, દેહ દેહી નું સત્ય આપણી માટે માત્ર એક માહિતી બની રહે છે ! અને એમાં આપણો કોઈ દોષ પણ નથી! કારણકે બધું જ જાણવા છતાં મારું મારું છૂટતું નથી, અને એટલે સદગુરુ બોધ આપે છે કે વ્યવહારિક દ્રષ્ટિકોણ કેળવી અને થોડુંક થોડુંક જાગરણ શકય છે! જેમ કે સમગ્ર બ્રહ્માંડમાં પહેલાં માત્ર બ્રહ્મ જ અસ્તિત્વમાં હતો , અને એણે સમગ્ર જીવ સૃષ્ટિનું સર્જન કર્યું, અને પોષણ પણ કર્યું! એટલે જીવ માત્રમાં રહેલાં આત્મ તત્વનો મૂળ સ્વભાવ સર્જન અને પોષણ છે! તો જે કંઈ શક્ય હોય એ રીતે બ્રહ્મનાં સ્વભાવને અનુસરવું. બીજું દરેક મહાન કાર્ય પહેલાં સારો વિચાર અને સંકલ્પ જરૂરી છે. પરંતુ એમાં માત્ર મહત્વાકાંક્ષા જ હોવી જોઈએ નહીં, અને એથી પણ વિશેષ આપણું ધ્યેય અન્ય માટે હિતકારી હોવું જોઈએ! અને એટલે જ મનુષ્યે કોઈ કાર્ય ઉતાવળથી નહીં, પણ વિચારપૂર્વક કરવું જોઈએ. બ્રહ્મ એ ચાર લોકનું સર્જન કર્યું અને દરેક લોકમાં વસતી જીવ સૃષ્ટિની વ્યવસ્થા ખોરવાઇ નહીં એ માટે પ્રકૃતિની રચના કરી. આપણાં હિસ્સામાં જે જવાબદારી આવી છે, એની વ્યવસ્થા અને સંતુલનનું મહત્ત્વ સમજી આપણે એ નિભાવવાની છે.પ્રકૃતિ પ્રત્યે આદર અને જવાબદારીની ભાવના રાખવી, આમ આંતર બાહ્ય દરેક ક્ષેત્રમાં જવાબદારી અને સંચાલન જરૂરી છે. જીવનમાં આપણે પણ પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ. પરંતુ એ ખાસ યાદ રાખવાનું છે કે, શરીર નાશવંત છે અને એટલે એની સાથે મન બગડે નહીં એ રીતે આત્માની કાળજી લેવી જોઈએ. આત્મ ખોજ થી શરૂ થતી આ યાત્રામાં બળ, બુદ્ધિ, વિવેક, સાહસ, અને મૈત્રી, ક્ષમા, અહિંસા, કરુણા, અને શાંતિ વિશે દ્રઢ વિશ્વાસ પ્રાપ્ત થાય છે, જે આત્મ જ્ઞાન અને આત્મ દર્શન માટે બહુ મહત્વની ઉપલબ્ધિ છે. તો આપણે સૌ પરમાત્મા એટલે પાલનકર્તા! અને એટલે આત્મા પણ પાલનકર્તાનો સ્વભાવ ધરાવે છે, એ સત્યને સમજીને સ્વીકારી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# ક્ષત્રીય યુવાનની નિર્મમ હત્યાના આરોપીનો વરઘોડો કાઢવા ઉઠી માંગ

## મૃતક યુવાનના પરિવારજનો સહીત ક્ષત્રિય સમાજના આગેવાનોએ ઉચ્ચકક્ષાએ કરી રજૂઆત

રાજકોટ, તા.૧૬

રાજકોટના નાના મવા, મોકાજી સર્કલ પાસે રહેતા કૃષ્ણદેવસિંહ જાડેજાની સામાન્ય મુદ્દે નિર્મમ હત્યા થઇ હતી. આ ઘટનાના આરોપીનો તાકીદે વરઘોડો કાઢીને ગુનેગારોમાં પોલીસની ધાક બેસાડવા માંગ થઇ રહી છે. બીજીબાજુ મુખ્ય આરોપી રણજીત વાળા હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થતા તેમણે કોર્ટમાં રજુ કરીને રિમાન્ડ માંગવામાં આવતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

બનાવની સમગ્ર વિગતો મુજબ રાજકોટના નાના મવા, મોકાજી સર્કલ પાસે રહેતા કૃષ્ણદેવસિંહ જાડેજાના રહેણાંક વિસ્તારમાંથી પુરપાટ ઝડપે બુલેટ સાથે નીકળેલા રાજવીર રણજીત વાળા નામના યુવાને અટકાવી, કૃષ્ણદેવસિંહે ટપારતા રોલા કરતા એક પુખ્ત અને સગીર એમ બંને ભાઈઓએ રીતસરની બબાલ કરી કૃષ્ણદેવસિંહનું અપમાન કરીને ગાળો ભાંડવા લાગ્યા હતા. એટલુજ નહિ, ત્યારે લાજવાને બદલે ગાજેલા રાજવીરે એલફેલ બોલીને કૃષ્ણદેવસિંહ સાથે અસભ્ય વર્તન કરતા આ ક્ષત્રિય સમાજના યુવાને ગાળો ભાંડનાર રાજ્વિરને કે ફકાડો ઝીંકી દીધો હતો







મૃતક : કૃષ્ણરાજસિંહ હરદેવસિંહ જાડેજા

આ વાતનો ખાર રાખી રાજવીર રણજીત વાળાએ તેમના પિતા રણજીત વાળાને ઘટના સ્થળે બોલાવતા રણજીત વાળા દેશી બનાવટથી પિસ્ટલ લઈને ઘટના સ્થળે ઘસી આવ્યો હતો અને પ્રારંભિક બોલાચાલી કરી ચાર - પાંચ રાઉન્ડ ફાયરીંગ કરતા કૃષ્ણદેવસિંહ ત્યાં જ ઢળી પડીને મોતને ભેટ્યા હતા. જ્યારે તેમના કુટુંબી દાદા હરેન્દ્રસિંહ જાડેજાને પણ નાની મોટી ઈજાઓ થતા સારવાર માટે દવાખાને ખસેડ્યા હતા.

ઘટના બાદ રાજકોટ તાલુકા પોલીસમાં મૃતકના પરિવારજનોની ફરિયાદ પરથી રણજીત વાળા, તેમના પુત્ર રાજવીર અને તેનો સગીર ભાઈ સામે ગુનો નોંધાયો હતો. બનાવની તપાસ ક્રાઈમ બ્રાંચને સોપાયા બાદ પોલીસે રણજીત વાળા, તેમના બંને પુત્રો રાજવીર અને એક સગીરને સરધાર ગામેથી ઝડપી લીધા હતા.

ઘટના સમયે ફાયરીંગમાં આરોપી રણજીત વાળાને પગમાં ગોળી વાગી જતા તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યો હતો. જયારે તેમના સગીર પુત્રને જુવેનાઈલલમાં અને પુખ્તવયની ઉંમરના પુત્ર રાજવીરને રીમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ દરમિયાન રાજવીરે બીજું એક હથિયાર તેમના પિતા પાસે હોવાનું અને વતન મોટા દેવાળિયા વાડીમાં સંતાડ્યું હોવાનું કબૂલતા પોલીસે તે દેશી બનાવટની પિસ્ટલ અને કાર્ટીઝ કબજે કર્યા હતા. દરમિયાન રાજવીરના રિમાન્ડ પૂર્ણ થઇ જતા તેમને જેલહવાલે કરવામાં આવ્યો છે.

યારે હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થયેલા રણજીત વાળાની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરવામાં આવતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા દ્વારા પત્રકારોને માહિતી આપાઈ હતી. હત્યાના કારણમાં તેઓએ એવું જણાવ્યું હતું કે, રણજીત વાળા પોતાના ફેમીલી અને બહારના અન્યા કજિયા-કંકાશથી કંટાળી ગયો હતો અને તેવા સમયેજ તેમના પુત્ર રાજવીરે માથાકૂટ થઇ હોવાનો કોલ કરતા અન્ય ઝગડાઓથી કંટાળેલા રણજીત વાળાએ આવેશમાં ઘટના સ્થળે ઘસી જઈએ ધડાધડ ફાયરીંગ શરુ કરી દેતા કૃષ્ણદેવસિંહનો ભોગ લેવાઈ ગયો હતો.

હાલ આરોપી રણજીતે પોલીસને ખૂન પાછળનું આવું કારણ બતાવ્યું છે છતાં પોલીસે તેમની સામેની સધન તપાસ આગળ ધપાવી છે.

ડીસીપી દ્વારા એવું પણ જાહેર કરાયું હતું કે, રણજીત સામે ૨૦૧૫ પહેલા ત્રણ પ્રોહીબીશન અને એક મારામારીનો એમ ચાર ગુના નોંધાઈ ચુક્યા છે. ૨૦૧૫ પછી કોઈ ગુનો તેમની સામે નોંધાયો નથી. રણજીતને હથિયાર સપ્લાય કરનાર શંકાસ્પદને હિરાશતમાં લેવાયો છે. વેરીફીકેશન બાદ તેમની સામે પણ ગુનો નોંધાશે તેવું ડીસીપીએ જણાવ્યું હતું.

અત્રે એ નોંધનીય છે કે, બે નાના નાના સંતાનો અને પત્નીની નજર સામે થયેલી ક્રૂર હત્યા ગુજરાતમાં પ્રથમ બની હોવાનું કહેવાય છે. આવી ઘાતકી હત્યા પછી પણ આરોપીઓ સામે નરમ વલણ અપનાવાતું હોવાનો જાગૃત લોકોમાં આક્ષેપ થઇ રહ્યો છે. કેમકે ભારે ગુનામાં વખતોવખત પોલીસ આરોપીનો વરઘોડો કાઢે છે પણ અહી આરોપી તરફ આવું કોઈ કડક વલણ અખત્યાર નથી કરવામાં આવ્યું તે મુદ્દે સમગ્ર ક્ષત્રીય સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આરોપીને દાખલારૂપ સજા કરીને ગુનેગારોમાં કોઈ ધડારૂપ કાર્યવાહી કરીને ફરિયાદી પરિવારને યોગ્ય ન્યાય આપવામાં આવે તેવી મૃતકના પરિવારે માંગ કરી છે.

### ઉદ્યોગપતિનું આફ્રિકામાં અપહરણઃ કટ્ટરપંથીઓએ ખંડણી વસૂલી મુક્ત કર્યા

# હીરા ઉદ્યોગપતિની ભાયડાવટ ૪૪ કરોડ ચૂકવી મેળવ્યો છુટકારો

સુરત, તા.૧૬

સુરતના જાણીતા હીરા ઉદ્યોગપતિ અને અમેરિકામાં મોટો વેપાર ધરાવતા ધીરુભાઈ રામાણીનું આફ્રિકાના માલી દેશમાંથી કટ્ટરપંથી સંગઠન દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવતા હીરા બજારમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અપહરણકારોએ ૧૦૦ કરોડ રૂપિયાની તોતિંગ ખંડણી માંગ્યા બાદ આખરે ૪૪ કરોડ રૂપિયા (૪૦ લાખ યુરો)માં ડીલ ફાઈનલ થતાં ધીરુભાઈ તેમજ તેમની સાથે અપહરણ કરાયેલા તેમના રસોયા અને ઈલેક્ટ્રિશિયનને મુક્ત કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ૩ મહિનાથી ધીરુભાઈ રામાણી તેમના રસોયા અને ઈલેક્ટ્રિશિયન સાથે ગુમ હતા. આ અપહરણ પાછળ સામાન્ય ગુનેગારો નહીં, પરંતુ અલકાયદા સાથે જોડાયેલા એક સ્થાનિક કટ્ટરપંથી આતંકી જૂથનો હાથ હોવાની પ્રબળ આશંકા છે. આ જૂથે ત્રણેય ભારતીયોને મુક્ત કરવાના બદલામાં ૧ કરોડ યુરો (૧૦૦ કરોડ રૂપિયા) ની મસમોટી ખંડણી માંગી હતી. જોકે,



ભારે દબાણ અને લાંબી વાટાઘાટો બાદ ૪૦ લાખ યુરો (૪૪ કરોડ રૂપિયા) ની ખંડણી ચૂકવાયા બાદ તમામને મુક્ત કરાતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો છે.

આ સંવેદનશીલ મામલે ધીરુભાઈના એક નજીકના સંબંધીએ જણાવ્યું હતું કે, ભોગ બનનારાઓને સુરક્ષિત પાછા લાવવા માટે ખંડણી આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નહોતો. પરિવારે આખી પરિસ્થિતિને પોતાની રીતે જ હેન્ડલ કરી હતી અને કોઈ સરકારી તંત્ર કે વિદેશ મંત્રાલયને સામેલ કર્યા ન હતા. ખંડણી ચૂકવતા

**૧૦૦ કરોડની માંગણી બાદ ૪૦ લાખ યુરો ચૂકવાયા, ત્રણ મહિના બાદ રસોયા અને ઈલેક્ટ્રિશિયન સાથે ઉદ્યોગપતિનો છુટકારો**

પહેલા પરિવારે કટ્ટરપંથીઓ સાથે વીડિયો કોલ દ્વારા ધીરુભાઈ અને અન્ય ૨ લોકો જીવતા અને સુરક્ષિત હોવાની ખાતરી કરી હતી. આ પુરાવો મળ્યા બાદ જ અમેરિકામાં રહેતા પરિવારે નેગોશિયેશન કરી ડીલ ફાઈનલ કરી હતી.

પરંપરાગત રીતે સુરત અને વૈશ્વિક સ્તરે હીરાના વેપાર સાથે સંકળાયેલા ધીરુભાઈ રામાણી અમેરિકાના ન્યૂયોર્ક સિટીમાં પરામાણી એક્સપોર્ટ્થ નામની પેઢી, ડાયમંડ ફેક્ટરી તેમજ સીબીડી ડાયમંડ અને જ્વેલરીના શોરૂમ ધરાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે મોટું નામ ધરાવતા ધીરુભાઈના દીકરાઓ અમેરિકાના સિટિઝન છે. થોડા વર્ષો પહેલા તેમણે આફ્રિકાના માલી દેશમાં સોનાની ખાણકામના પ્રોજેક્ટમાં મોટું રોકાણ કર્યું હતું. છેલ્લા ૨ વર્ષથી તેઓ માલીમાં જ ગ્રાઉન્ડ લેવલ પર રહીને માઈનિંગ પ્રોજેક્ટનું ઓપરેશન સંભાળતા હતા, તે દરમિયાન જ અજ્ઞાત લોકેશન પરથી તેમને ઉપાડી લેવાયા હતા.

આ ઘટનાના અહેવાલો બહાર આવતા જ સુરતના હીરા અને જ્વેલરી બજારમાં ભારે સન્નાટો અને ચિંતા વ્યાપી ગઈ છે. ખાસ કરીને એવા ઉદ્યોગપતિઓ વધારે ચિંતિત છે, જેમણે સાઉથ આફ્રિકા કે અન્ય હાઈ-રિસ્ક દેશોમાં પોતાના મેન્યુફેક્ચરિંગ યુનિટ કે માઈનિંગ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ભારતના વિદેશ મંત્રાલય (ખઊઅ) દ્વારા એક એડવાઈઝરી જારી કરીને માલી જેવા દેશોમાં અપહરણની વધતી ઘટનાઓને પગલે ત્યાં કામ કરતા ભારતીયોને સાવધ રહેવાની ચેતવણી આપવામાં આવી હતી.

# પોસ્ટલ બાબુઓના ત્રાસથી મહીલા BPMનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ, તા.૧૬

શહેરના ૧૫૦ ફૂટ રીંગરોડ પર ચંદ્રપાર્કમાં રહેતા અને જીયાણા ગામના મહિલા પોસ્ટ માસ્તરે નોકરી દરમિયાન સ્થાનિક લોકોના ત્રાસથી કંટાળી ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મહિલાને તેના ઉચ્ચ અધિકારીઓ પણ સતત ત્રાસ આપતા હોય જેથી આ પગલું ભરી લીધાનો તેના પિતાએ આક્ષેપ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બીગ બજાર પાછળ આવેલ ચંદ્ર પાર્કમાં રહેતા અને જીયાણા ગામની પોસ્ટ ઓફિસમાં બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા ધૈર્યાબેન વિજયભાઇ ગોકાણી (ઉ.વ.૩૦)એ ગઈકાલે બપોરે પોતાના ઘરે ફિનાઇલ પી લીધું હતું. જેથી તેમને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરી હતી.

પીડિત મહિલાના પિતા વિજયભાઈ ગોકાણીના જણાવ્યા અનુસાર, તેમની પુત્રીને નોકરી દરમિયાન સ્થાનિક શખ્સો દ્વારા અવારનવાર હેરાન કરવામાં આવતી હતી. ગત તારીખ ૩ ના રોજ મકાન માલિક સુરેશ અને તેની પત્નીએ પોસ્ટ ઓફિસને તાળા મારી દીધા હતા, અને તાળા ખોલવા જતાં ધૈર્યાબેનને ધક્કો



જીયાણાના મહિલા પોસ્ટ માસ્તરે હોસ્પિટલ બિછાનેથી ત્રાસ આપનારના નામ આપ્યા

મારી નીચે પાડી દીધા હતા, જે અંગે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાઈ હતી. આ ઉપરાંત, ઓફિસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પૂરતું માર્ગદર્શન ન આપીને માનસિક હેરાનગતિ કરવામાં આવતી હોવાનો પણ આક્ષેપ છે.

અગાઉ કેટલાક શખ્સોએ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ધૈર્યાબેને પોલીસ કમિશનરને રક્ષણ મેળવવા માટે અરજી પણ કરી હતી. સતત ભય અને ચિંતાના માહોલમાં આવી જતાં અંતે તેમણે આ પગલું ભરી લીધું હતું. ધૈર્યાબેનને હોસ્પિટલ બિછાનેથી મીડિયાને માહિતી આપી હતી કે પોસ્ટલ ડીપાર્ટમેંટના વિક્રમભાઈ, વાંજાભાઈ, તેજસભાઈ, નીલયભાઈ અને પ્રશાંતભાઈ એમ પાંચેયના અસહ્ય ત્રાસથી જીવન ટૂંકાવી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. ત્યારે આ મામલે સત્ય શું છે ? તે જાણવા આ રાજકોટ તાલુકા પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### બીજા કારીગરો સાથે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ઈલેક્ટ્રીશીયન તરીકે કામ કરતો હતો ત્યારે બનાવ

# ગાંધીગ્રામના યુવાન માટે વિજકરંટ વેરી બન્યો

### રાયફલ સ્ટુડીયોમાં કામ કરતી વખતે બનાવઃ ચૌહાણ-પ્રજાપતિ પરિવારમાં ગમગીનીઃ બીજી ઘટનામાં વીસ વર્ષનો કોઠારીયા સોલવન્ટનો યુવાન બિમારીથી થાકી જતાં લિક્વીડ પી દુનિયા છોડી દીધી

રાજકોટ,તા.૧૬

મનુષ્ય આજે વિજ્ઞાન ટેકનોલોજીને સહારે કેટકેટલોય આગળ વધી ગયો છે. પરંતુ જન્મ અને મરણની બાબતમાં કુદરત પાસે કોઇનુંય ચાલતું નથી એ પણ સનાતન સત્ય છે. કાળનું પરલોકનું તેડુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની કાળા માથાના માનવીને જાણ હોતી નથી. કંઇક આવી જ એક કરૂણ ઘટનામાં રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતાં મુળ પોરબંદર પંથકના પ્રજાપતિ પરિવારે પચ્ચીસ વર્ષનો આધારસ્તંભ દિકરો ગુમાવી દીધો છે. શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતાં મુળ પોરબંદરના ગોરાણા ગામના ૨૫ વર્ષના યુવાનનું શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે નવા બની રહેલા રાયફલ શૂટીંગ સ્ટુડિયો ખાતે ઇલેક્ટ્રીક કામ વાયરીંગ કામ કરતી વખતે વિજકરંટ લાગવાથી મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો ગાંધીગ્રામ ગાંધીનગર શેરી નં. ૬માં રહેતો પચ્ચીસ વર્ષનો પાર્થભાઇ મનસુખભાઇ ચૌહાણ નામનો સોરઠીયા પ્રજાપતિ યુવાન શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે રાયફલ શૂટીંગ સ્ટુડીયોનું કામ ચાલુ હોઇ તેમાં ઇલેક્ટ્રીક કામ કરતો હતો ત્યારે વિજકરંટ લાગતાં ઢળી પડ્યો હતો. તેનું મૃત્યુ થયાની જાણ થતાં પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. વી. ભગોરા સહિતે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. વધુ વિગત અનુસાર મૃત્યુ પામનાર પાર્થભાઇ ચૌહાણ બે ભાઇ અને બે બહેનમાં ત્રીજો અને અપરિણીત હતો. તેના પિતા મનસુખભાઇ ચૌહાણ



ફર્નિચર કામ કરે છે.

પાર્થભાઇ ઇલેક્ટ્રીશીયન તરીકે કામ કરતો હતો. પોલીસ હેડક્વાર્ટર ખાતે વાયરીંગ કામ ચાલુ હોઇ તે અહિ બીજા કારીગરો સાથે કામ કરતો હતો ત્યારે વાયરીંગ વખતે કોઇપણ કારણોસર જોરદાર કરંટ લાગતાં તેનું મૃત્યુ થયું હતું. આ પરિવાર મુળ પોરબંદરના ગોરાણા ગામનો વતની છે. યુવાન અને આધારસ્તંભ દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવને પગલે મૃતકના સાથી કર્મચારી કારીગરો પણ આઘાતમાં ડુબી ગયા હતાં. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં સગા સંબંધીઓ, મિત્રો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતાં. બીજી એક ઘટનામાં એક યુવાને બિમારી સામે હારી જઇ આપઘાત કરી લીધો હતો. કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતાં વીસ વર્ષના યુવાને ડીશ-વાસણ સાફ કરવા માટે ઉપયોગમાં લેવાતું લિક્વીડ પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત થઇ ગયુ હતું.

પોલીસ સુત્રો તરફથી મળેલી માહિતી અનુસાર કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયામાં રહેતાં વિક્કી જેન્તીભાઇ બાવરીયા નામનો વીસ વર્ષનો યુવાન ચૌદમીએ બપોરે અઢી વાગ્યા આસપાસ ઘરે હતો ત્યારે ડીશ સાફ કરવા માટેનું લિક્વીડ પી લેતાં તબિયત બગડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ બે દિવસની સારવારને અંતે અહિ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર વિક્કી ત્રણ બહેન અને બે ભાઇમાં વચેટ અને અપરિણીત હતો. તેને માનસિક બિમારી હોઇ તેની દવા પણ ચાલુ હતી. બિમારીથી કંટાળી જઇ આ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું. તેના પિતા જેન્તીભાઇ છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

# કુવાડવામાં પતિએ પત્નિને ખાટલાના પાયાથી લોહીલુહાણ કરી

રાજકોટ,તા.૧૬ : પતિ-પત્નિ વચ્ચે મારામારીની વધુ એક ઘટના બની હતી. જેમાં કુવાડવામાં સરકારી દવાખાનાની પાછળ રહેતાં જ્યોત્સનાબેન દિલીપભાઇ લામકા નામના ચાલીસ વર્ષના મહિલાને તેના પતિ દિલીપ નારણભાઇ લામકાએ ખાટલાના પાયાથી હુમલો કરી કપાળે અને ડાબા પગમાં ઘા ફટકારી ઇજાઓ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. વી. ડી. મકવાણાએ જ્યોત્સનાબેનની ફરિયાદ પરથી તેણીના પતિ દિલીપ લામકા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. તેણીને સંતાનમાં ચાર દિકરીઓ અને એક દિકરો છે. પતિ છુટક મજુરી કરે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા પતિ બહારથી આવી જમવા બેઠા ત્યારે કોઇનો ફોન આવતાં તે વાત કરતાં કરતાં મોટે મોટેથી રાડો પાડતાં હોઇ મેં તેમને રાડો-દેકારા કરવાની ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયા હતાં અને મને ગાળો દઇ ત્યાં લાકડાનો ખાટલાનો પાયો પડ્યો હોઇ તે ઉપાડીને મને કપાળે તથા ડાબા પગમાં ઘા મારી દેતાં ઇજા થઇ હતી. આ અંગે મેં મારા ભાઇ શૈલેષભાઇ ડાભીને જાણ કરતાં તે મને સારવાર માટે લઇ ગયા હતાં.પોલીસે તેણીની આ કેફીયત આધારે કાર્યવાહી કરી હતી.

**જમતી વખતે ફોનમાં રાડારાડી કરતો હોઇ ટપારતાં ન ગમ્યું**

દિકરીના લગ્ન ટાણેજ દાગીનાની જરૂર હોવાથી લલચાયા અને ફસાયા

# પ્રાચીન દાગીના ખરીદવા જતાં સાત લાખનો ચૂનો

## ખેડૂતને ગઠીયાઓએ રાજાશાહી વખતના ઘરેણા સસ્તામાં વેંચવાના છે કહી શરૂઆતમાં અસલી દાગીનો બતાવ્યોઃ પછી નકલી ધાબડી દીધાઃ જમીન વેંચીને નાણા ચુકવ્યા હતાંઃ ટોળકીના ત્રણ સાગરીત સકંજામાંઃ મહિલા સહિતનાની શોધખોળ

રાજકોટ, તા. ૧૬

છેતરપીંડીની વધી રહેલી અનેકાનેક ઘટનાઓ વચ્ચે વધુ એક બનાવ સામે આવ્યો છે. સસ્તામાં સોનાની લાલચ આપી એક ખેડુતને સસ્તામાં સોનુ આપવાની લાલચ દઇ લાખોમાં છેતરી લેવાયા હતાં. ગઠીયાઓએ આ ખેડુતને એમ કહીને ફસાવ્યા હતાં કે પોતાની પાસે રાજાશાહી વખતના સોનાના ઘરણા છે અને એ સસ્તામાં આપી દેવાના છે. શરૂઆતમાં આ ખેડૂતને એકાદ બે દાગીના બતાવવા અપાયા તે અસલી હતાં. આથી ખેડુત લલચાયા હતાં અને સાત લાખમાં સોદો કર્યો હતો. આ નાણાની વ્યવસ્થા ખેડૂતે પોતાની જમીન વેંચીને કરી હતી. પરંતુ દાગીના ખરીદી લીધા બાદ સોની પાસે ચેક કરાવતાં તે નકલી નીકળ્યા હતાં! ટોળકી પૈકીના ત્રણને ઝડપી લેવામાં પોલીસ સફળ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના છોટાઉદેપુર તાલુકાના ખોડવાણિયા ગામના ખેડૂત ઈશ્વરભાઈ રાઠવા સાથે બની છે. તેમને રાજાશાહી વખતના સસ્તા સોનાની લાલચ આપી રૂપિયા સાત લાખની ઠગાઈ આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. દીકરીઓના લગ્નની ચિંતામાં ડૂબેલા ખેડૂતે સસ્તા સોનાની લાલચમાં આવી પોતાની જમીન ગીરવે મૂકી તેમજ સગાં-વહાલાં પાસેથી ઉછીના નાણાં લાવીને આ રકમ ગુમાવી છે. ખેડૂતને નકલી સોનું પધરાવીને ફરાર થઈ ગયેલી ચાર સભ્યોની ઠગ ટોળકી સામે કરજણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.



આ મામલે ગુનો દાખલ કરાયા બાદ પોલીસ ટુકડી હરકતમાં આવી હતી અને એનાલીસીસ તથા હ્યુમન રિસોર્સીસના આધારે વડોદરા ગ્રામ્ય એલસીબીને ચોક્કસ બાતમી મળી હતી કે ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ કેલનપુર ફાટક પાસે ભા છે. આ માહિતીના આધારે એલસીબીની ટીમે ત્વરિત કાર્યવાહી કરી કેલનપુર ફાટક પાસેથી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ભોગ બનનાર ખેડૂતની માતા વાઘોડિયાની ધીરજ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી, તે દરમિયાન હોસ્પિટલની બહાર અજાણ્યા શખ્સો સાથે થયેલી મુલાકાત બાદ આ છેતરપિંડીની શરૂઆત થઈ હતી.

ખેડૂતને ચાર દીકરીઓના આગામી લગ્નના ખર્ચની ચિંતા હતી, જેનો ફાયદો ઉઠાવી ઠગ ટોળકીના સાગરીતોએ ખેડૂતનો વિશ્વાસ જીતી લીધો હતો. તેમણે પોતાની પાસે રાજા-મહારાજાના સમયનું સોનું હોવાનું કહી તે ખૂબ જ સસ્તા ભાવે આપવાની ઓફર કરી હતી. ટોળકીએ ખેડૂતને અવારનવાર ફોન કરીને પહેલાં દસ લાખની માંગણી કરી હતી, પરંતુ અંતે સાતલાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. ખેડૂતનો વિશ્વાસ જીતવા માટે ઠગોએ પ્રથમ ડભોઇ-શિનોર ચોકડી પાસે સોનાના બે હાર બતાવ્યા હતા. તેમાંથી એક મણકો તોડીને સ્થાનિક સોની પાસે ચેક કરાવતા તે અસલી નીકળ્યો હતો, જેના કારણે ખેડૂતનો વિશ્વાસ દ્રઢ થયો હતો અને તેમણે જમીન ગીરો મૂકીને તેમજ ઉછીના કરીને સાત લાખ રૂપિયા ભેગા કર્યા હતા.

ત્યારબાદ નાણાંની વ્યવસ્થા થયા બાદ ઠગ ટોળકીએ ખેડૂતને કરજણ બ્રિજ નીચે બોલાવ્યો હતો. ત્યાં કેમેરા હોવાનું બહાનું બતાવી ગાડી બ્રિજની નીચે લેવડાવી હતી અને રૂ. સાત લાખ રોકડા મેળવીને બદલામાં સોના જેવા દેખાતા દાગીના ભરેલી થેલી પધરાવી દીધી હતી. ઠગ ટોળકીના ગયા બાદ ખેડૂતે ઘરે જઇને સોની પાસે તપાસ કરાવતા આખું સોનું તદ્દન નકલી હોવાનું બહાર આવ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ખેડૂતે કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ દાદાભાઇ ઉર્ફે રામ ગંગારામ હિમરવાડી, વિજય ભગવાનભાઈ બારોટ, મીરા રાઠોડ અને અન્ય બે અજાણ્યા શખ્સો સામે પોલીસે ગુનો નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતાં. તપાસ દરમિયાન વડોદરા ગ્રામ્ય એલસીબીને ચોક્કસ બાતમી મળી હતી કે ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ કેલનપુર ફાટક પાસે ભા છે. આ માહિતીના આધારે લ્બ્ઞ્ની ટીમે ત્વરિત કાર્યવાહી કરી કેલનપુર ફાટક પાસેથી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં વિજય ભગવાનભાઈ બારોટ, ડાહ્યા ગંગારામ હિમારવાડી અને મનોજ લાલભાઈ મારવાડીનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા આરોપીઓ પાસેથી છેતરપિંડીના રોકડા રૂપિયા બે લાખ સિત્તેર હજાર સાથે રૂપિયા છાંસઠ હજારની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા ત્રણ લાખ છત્રીસ હજારનો મુદ્દામાલ રિકવર કરી વિશેષ તપાસ યથાવત રાખી હતી.

પકડાયેલા આરોપીઓ પૈકી વિજયભાઈ ભગવાનભાઈ બારોટ કુલ ચાર ગુનાઓનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જ્યારે ડાહ્યાભાઈ ગંગારામ હિમારવાડી સામે બાપોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે. આ ગુનામાં હજુ એક આરોપીને પકડવાની બાકી છે, જેનું નામ મીરાબેન ગુલસન સોલંકી છે. પકડવાના બાકી રહેલા આ મહિલા આરોપી પણ મોટો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જેમની સામે છેતરપિંડી અને અન્ય કલમો હેઠળ કુલ પાંચ ગુનાઓ હતાં. આ મહિલા સહિતના બાકીના આરોપીઓ ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

---

રોજબરોજની કરૂણ ઘટનાઓનો સીલસીલો વધુ ત્રણ પરિવારમાં સર્જી ગયો માતમ

# યુવાનનું વાહન અકસ્માતમાં મોત

## મોરબી રોડ પર કોઠારીયા-આણંદપર વચ્ચે બનાવઃ ટુવ્હીલર હંકારી વાડીએથી ગામમાં જતો હતો અને રસ્તામાં કાળ ભેટી ગયોઃ અન્ય બે ઘટનામાં ચાલીસ વર્ષના યુવાન, ત્રેપન વર્ષના પ્રૌઢની દિલની ધડકન બંધ પડી જતાં જિંદગીની સફરનો અંત

રાજકોટ, તા. ૧૬

અપમૃત્યુની રોજબરોજ બની રહેલી ઘટનાઓનો કરૂણ સીલસીલો વધુ ત્રણ પરિવારમાં માતમ સર્જી ગયો હતો. જીવલેણ વાહન અકસ્માતમાં એક પરિવારે એકવીસ વર્ષનો યુવાન દિકરો ગુમાવી દીધો હતો. રાજકોટ મોરબી હાઈવે પરના કોઠારીય-આણંદપર બાધી વચ્ચે આ બનાવ બન્યો હતો. જ્યારે અન્ય બે બનાવમાં હૃદય રોગના હુમલાને કારણે શ્વાસ થંભી જતાં એક યુવાન અને એક પ્રૌઢની જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો જીવલેણ વાહન અકસ્માતનો બનાવ રાજકોટ-મોરબી હાઈવે પર કોઠારીયા-આણંદપર બાધી વચ્ચેના રસ્તા પર બન્યો હતો. જેમાં હાલ કોઠારીયા રહેતાં અને વાડી વાવતાં જસદણના દહીંસરાના એકવીસ વર્ષના યુવાનનું મૃત્યુ થયું હતું. મોટરસાઇકલ હંકારીને વાડીએથી ગામમાં કોઇ ચીજવસ્તુ લેવા માટે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. તેને ગંભીર ઇજા સાથે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ જીવ બચી શક્યો નહોતો. વધુ વિગત મુજબ કોઠારીયામાં વાડીમાં રહેતો હાર્દિકભાઇ મુકેશભાઇ માલકીયા નામનો એકવીસ વર્ષનો યુવાન પોતાનું મોટર સાઇકલ હંકારી વાડીએથી ગામમાં કોઇ ચીજવસ્તુ લેવા જવા નીકળ્યો હતો.



તે કોઠારીયા-આણંદપર વચ્ચેના રસ્તા પર તેના બાઇકને અકસ્માત નડતાં તે રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. કોઇએ બનાવની જાણ કરતાં હાર્દિકભાઇના પરિવારજનો અને બીજા લોકો દોડી ગયા હતાં અને તેને ગંભીર ઈજાઓ સાથે સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ મોડી રાતે તેનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં કુવાડવા રોડ પોલીસે ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી.

મૃત્યુ પામનાર હાર્દિકભાઇ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે મુળ જસદણના દહીંસરાનો વતની હતો. તેના પરિવારે હજુ પંદરેક દિવસ પહેલા જ કોઠારીયામાં વાડી વાવવા રાખી હોઇ બધા અહિ રહેવા આવ્યા હતાં. સાંજે તે વાડીએથી ગામમાં જતો હતો ત્યારે અકસ્માત નડ્યો હતો. તેનું બાઇક સ્લીપ થઇ ગયું કે પછી કોઇ વાહનનો ચાલક ઉલાળીને ભાગી ગયો? તે અંગે પરિવારજનો અજાણ હોઇ પોલીસે તપાસ હાથ ધરી છે. યુવાન અને આશાસ્પદ દિકરાના મૃત્યુથી માલકીય-કોળી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

અન્ય બે બનાવમાં દિલની દગાખોરી બે પરિવારના આધારસ્તંભ, મોભીને છીનવી ગઇ હતી. આ બનાવ રાજકોટના કરણપરા વિસ્તારમાં અને રૈયા રોડના વૈશાલીનગરમાં બન્યા હતાં. આ બંને હતભાગી ઘરે બેભાન થઇ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયા હતાં. વિગતો અનુસાર કરણપરા શેરી નં. ૨૮માં રહેતાં એકતાલીસ વર્ષના ભીમબહાદુર પ્રતાપસિંગ શાહી નામના નેપાળી યુવાન રાતે સાડા ત્રણેક વાગ્યે ઘરે હતાં ત્યારે છાતીમાં દુઃખાવો શરૂ થયા બાદ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

તેઓ ત્રણ બહેન અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ હોટેલમાં કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. બનાવની જાણ થતાં નેપાળી સેવા સમાજના આગેવાન સંજયભાઇ કારકી હોસ્પિટલે પહોંચ્યા હતાં અને મૃતદેહને વતન નેપાળ લઇ જવા માટે મૃતકના સ્વજનોને મદદરૂપ થયા હતાં.

જ્યારે અન્ય એક બનાવમાં રૈયા રોડ આમ્રપાલી ફાટક નજીક વૈશાલીનગર-૪માં રહેતાં મુળ ઝારખંડના ત્રેપન વર્ષના જયરામભાઇ રામસેવકરામ ઠાકુર રાતે ત્રણેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની ગઇ છે. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં બીજા હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન અને ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવાયું હતું. આમ ત્રણ કરૂણ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

---

ચામડાતોડ વ્યાજખોરો કોઇપણ હદ સુધી જઇ શકેઃ ફ્લેટમાંથી દંપતિ ઝૂપડામાં રહેવા મજબૂર થયું

# છ સામે ચોત્રીસ લાખ વસુલ્યા છતાં ધાકધમકી

## ચાર વ્યાજખોરો પૈકી એકને પોલીસે પકડી લીધોઃ મહિલા સહિત ત્રણને પકડી લેવાની કાર્યવાહી

રાજકોટ, તા. ૧૬

વ્યાજખોરીના દુષણને ડામવાના સરકાર અને પોલીસના પ્રયાસો વચ્ચે પણ આવા બનાવો અટકતા નથી. વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં એક વેપારીએ વ્યાજે લીધેલા છ લાખ રૂપિયા સામે અધધધ ચોત્રીસ લાખ ચુકવી દીધા હોવા છતાં સતત તેની પાસે વધુ વ્યાજની ઉઘરાણી કરી ત્રાસ ગુજારવારમાં આવતાં ગામ મુકવા મજબૂર થવાની નોબત આવી હતી. અંતે પોલીસને જાણ કરવામાં આવતાં આ કિસ્સામાં પોલીસે ગુનો દાખલ કરી એક વ્યાજખોરને દબોચી લીધો હતો, જ્યારે તેને આ ગુનામાં સાથ આપનારા બીજા ત્રણ જણા ભાગી જતાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં વ્યાજખોરોના ત્રાસ સામે પોલીસે કડક ઝુંબેશ શરૂ કરી છે, જેના ભાગરૂપે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશને મોટી સફળતા મેળવી છે. ચા વ્યાજે નાણાં ધીરીને ફરિયાદી પાસેથી લાખો રૂપિયા પડાવવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે પોલીસે ગુનો નોંધી એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે અને તેના એક દિવસના રિમાન્ડ મેળવી આગળની તપાસ હાથ ધરી હતી. આ મામલે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, ફરિયાદીએ અગાઉ અલગ અલગ સમય દરમિયાન અનિતાબેન શર્મા અને રાકેશ શર્મા નામના લોકો પાસેથી કટકે-કટકે છ લાખ રૂપિયા દસ ટકાના ચા વ્યાજે લીધા હતા.

આ નાણાંના બદલામાં ફરિયાદીએ આઠ વર્ષ સુધીમાં ઓનલાઇન તેમજ રોકડા મળીને આશરે કુલ ૩૪ લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા. આટલી માતબર રકમ ચૂકવી દીધી હોવા છતાં, આરોપી અનિતાબેન શર્મા દ્વારા વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી. ફરિયાદી વધુ વ્યાજ ન ચૂકવે તો અન્ય આરોપીઓ રાકેશ શર્મા, ઉસ્માનભાઈ મેમણ અને સમીરભાઈ મન્સૂરી અવારનવાર ફરિયાદીના ઘરે જઈ ગાળો આપતા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી નાણાં કઢાવતા હતા. આ ઉપરાંત આરોપી રાકેશ શર્માએ ફરિયાદીના પતિને ધમકાવીને એક બાંહેધરી પત્રક તેમજ યુનિયન બેંકનો ચેક પણ પડાવી લીધો હતો.




ગોત્રીના લેટમાં ભાડેથી રહેતા દંપતી પાસે દરમહિને રૂપિયા ૬૦ હજાર વસૂલવા માટે વ્યાજખોરો દ્વારા ધાકધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેને કારણે તેઓ ગોત્રીનું ઘર બદલીને બીજે રહેવા ગયા હતા.પરંતુ ત્યાં પણ વ્યાજ ખોરો પહોંચી ગયા હતા અને ધમકી આપી લખાણ લખાવી લીધું હતું.જેથી દંપતી વડોદરા છોડીને હાલમાં અમદાવાદ ખાતે ઝૂંપડામાં રહેવા મજબૂર થયું હતું.

આ સમગ્ર મામલે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે રાકેશ ઉર્ફે પપ્પુભાઇ મનોજભાઇ શર્માની ધરપકડ કરી લીધી હતી. તપાસમાં બીજા ત્રણ આરોપીઓના નામ પણ ખુલ્યા હતાં.

પોલીસે આ કેસમાં સંડોવાયેલા અન્ય ફરાર આરોપીઓ અનિતાબેન મનોજભાઈ શર્મા, ઉસ્માનભાઈ મેમણ અને સમીરભાઈ મન્સૂરીને પકડી લેવા વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

---

તેર વર્ષની દિકરી સાથેના દૂષ્કર્મમાં જેને ન્યાય અપાવવા માટ રાખ્યો એ જ હવસખોર નીકળ્યો

# દૂષ્કર્મ પિડીતાને વકિલે જ બનાવી હવસખોરીનો શિકાર

## બળજબરી આચરી વિડીયો બનાવી બ્લેકમેઇલ કરીઃ બાળાએ પિતા સમક્ષ કથની વર્ણવતાં પોલીસને જાણ કરાઇઃ તાકીદે કાર્યવાહી કરી એડવોકેટને ઝડપી લેવાયોઃ અગાઉ છ ગુનાઓમાં સંડોવણી

રાજકોટ, તા. ૧૬

વિકૃત હવસખોરો ગમે ત્યારે ગમે તેને શિકાર બનાવી લેતાં હોય છે. દૂષ્કર્મની રોજબરોજ સામે આવતી ઘટનાઓ વચ્ચે એક બનાવે ચોંકાવી દીધા હતાં. જેમાં દૂષ્કર્મ પિડીતાનો કેસ લડી રહેલા એડવોકેટે પણ કિશોરી સાથે બળજબરી આચરી લીધી હતી! સગીરા સાથે આચરાયેલા કૂકર્મનો વિડીયો બનાવી લઇ વાયરલ કરવાની ધમકી દઇ આ હવસખોરે બ્લેકમેઇલીંગ પણ કર્યુ હતું. પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી હતી.

ઘટના પર નજર કરીએ તો સુરતમાં ગયા વર્ષે અપહરણ અને દુષ્કર્મનો ભોગ બનનાર તેર વર્ષીય સગીરા અને તેના પરિવારે જેની પાસે ન્યાયની આશા રાખી હતી તે વકીલે જ સગીરાને બ્લેકમેઈલ દુષ્કર્મ આચર્યાનો ચોંકાવનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી વકીલે પીડિતા સાથેના કુકર્મનો વીડિયો બનાવી બ્લેકમેઈલ કરી હતી અને તેનો જે કેસ છે તેને નબળો પાડી દેવાની ધમકી આપી શારીરિક શોષણ કર્યું હતું. આ સમગ્ર હકીકત પીડિતાએ તેના પિતાને જણાવાત પિતાએ સુરતના સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં વકીલને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ગયા વર્ષે ફરિયાદીની દીકરી જ્યારે માત્ર બાર વર્ષ અને આઠ માસની હતી, ત્યારે ઓગણીસ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ બે આરોપીઓએ તેનું અપહરણ કર્યું હતું. આ અંગે બાવીસમી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સચિન જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં અપહરણ અને દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. પોલીસે ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ કિશોરીને શોધી કાઢી બંને આરોપીઓની ધરપકડ કરીને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કાયદાકીય પ્રક્રિયા દરમિયાન પીડિત કિશોરીના પિતાએ પોતાનો પક્ષ કોર્ટમાં મજબૂતાઈથી રાખવા માટે વકીલને



પોતાના અધિકૃત વકીલ તરીકે એપોઇન્ટ કર્યા હતા. વકીલ પીડિત પરિવાર વતી કોર્ટમાં કેસ લડી રહ્યો હતો, જેથી પરિવારને તેના પર અતૂટ ભરોસો હતો.

આ મામલે એસીપી એ. સી. તરડેએ વધુ વગતો આપતાં કહ્યું કે એડવોકેટે અસીલ એટલે કે કિશોરીના પિતાને ફોન કર્યો હતો. તેણે જણાવ્યું કે તમારી દીકરીને મારે ત્યાં ઘરકામ માટે નોકરીએ રાખવી છે, તેમ કહીને તેણે અસીલ પાસેથી તેમના ઘરનું લોકેશન મેળવી લીધું હતું. ત્યારબાદ વકીલે પીડિત પરિવારને વિશ્વાસમાં લીધો અને સાથે એવી ધમકી પણ આપી કે, જો કિશોરીને મારા ત્યાં કામ પર નહીં મોકલો તો તમારી દીકરીનો જે જૂનો કેસ કોર્ટમાં ચાલે છે, તેમાં હું મોટું નુકસાન કરાવી દઈશ અને કેસ બગાડી નાખીશ. આ ધમકી અને દબાણના કારણે ફરિયાદીએ પોતાની દીકરીને વકીલ સાથે મોકલી હતી. વકીલ પ્રણયરાજ સગીરાને પોતાની ગાડીમાં બેસાડીને ડીંડોલી ખાતે આવેલા પોતાના વેદાંતવિલા સોસાયટીના મકાનમાં લઈ ગયો હતો.

આ પછી ડીંડોલી ઉમિયા ચોક પાસે આવેલા મકાન નંબર ૪૨માં લઈ ગયા બાદ વકીલે પોતાનું અસલી સ્વરૂપ ધારણ કર્યું હતું. તેણે માસુમ કિશોરીને ડરાવી-ધમકાવી હતી અને તેની સાથે મારપીટ કરી હતી.વકીલે બળજબરીપૂર્વક કિશોરીના કપડાં ઉતારી નાખ્યા હતા અને તેની મરજી વિરુદ્ધ જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી જ ન અટકતા, નરાધમે કિશોરી સાથે અકુદરતી કૂકર્મ પણ આચર્યુ હતું. આ પછી કિશોરીને બ્લેકમેલ કરવાના ઈરાદે આ કુકર્મનો પોતાના મોબાઈલમાં વીડિયો પણ ઉતાર્યો હતો, જેથી પીડિતા કોઈને કશું કહી ન શકે.ત્યારબાદ આ ભયાનક નર્કાગારમાંથી મુક્ત થયા બાદ ભયભીત બનેલી કિશોરીએ પોતાના પિતાને વકીલની આ કાળી કરતૂત વિશે રડતા રડતા તમામ આપવીતી જણાવી હતી. દીકરીની વાત સાંભળીને પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જે વકીલને ન્યાય માટે રોક્યો હતો, તેણે જ કિશોરીની જિંદગી બરબાદ કરી નાખી હતી. પિતા તાત્કાલિક સચિન જીઆઇડીસી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને સમગ્ર હકીકત જાહેર કરી હતી. ઘટનાની ગંભીરતા અને સંવેદનશીલતાને જોતા એસીપી એ. સી. તરડે સહિતના ઉચ્ચ સુપરવાઇઝરી અધિકારીઓ તુરંત એક્શનમાં આવ્યા હતા અને તાત્કાલિક ગુનો રજીસ્ટર કરવા આદેશ આપ્યો હતો.પોલીસ સુત્રોએ કહ્યું કે વકિલ વિરૂધ્ધ અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવાની કાર્યવાહી થઇ હતી. તેતાલીસ વર્ષિય વકિલને ડીંડોલી ખાતેથી પકડીને તેનો મોબાઇલ ફોન પણ કબ્જે કરાયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, પકડાયેલ વકીલ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. તેના વિરૂધ્ધ અગાઉ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં છ જેટલા ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે. જેમાં અમદાવાદના બાવળા પોલીસ સ્ટેશનમાં દારૂ, દહેજ અંગેનો ગુનો, ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં સરકારી કર્મચારી પર હુમલો અને પબ્લિક પ્રોપર્ટી ડેમેજ કરવાનો ગુનો, સુરત ગ્રામ્યના ઓલપાડમાં જાહેરનામા ભંગનો ગુનો, તેમજ ડીંડોલી અને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં દારૂ પીને ગાડી ચલાવવા તથા મારામારીના ગંભીર ગુનાઓ સામેલ છે. પોલીસ હવે આ તમામ પાસાઓ પર ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે.

બેફામ અતિ ગતિથી દોડતાં ભારે વાહનની ગતિને નક્કરતાથી કાબુમાં લાવવી જરૂરી

# ટ્રકની હડફેટે મહિલા-વેપારીનું મોતઃ એકને ઈજા

## જામનગર રોડ રૂડા બિલ્ડીંગ પાસે જ્યુપીટરને ટ્રકની ટક્કર લાગતાં તે હોન્ડામાં અથડાયું પછી બંને વાહન ફંગોળાયાઃ હોન્ડાચાલક યુવાનનો ઈજા સાથે બચાવ, તેના માથાનું માથું ટ્રક નીચે છુંદાઇ જતાં કમકમાટી ભર્યુ મોતઃ જ્યુપીટર ચાલક કુવાડવા રોડના વેપારીએ પણ ટુંકી સારવાર બાદ અંતિમ શ્વાસ લીધાઃ અકસ્માત બાદ ટ્રક મુકી ચાલક ભાગી ગયો








રાજકોટ,તા.૧૬

બેફામ અતિ ગતિ સાથે દોડતાં ભારે વાહનોને કારણે અનેક પરિવારોના કંધોતરો, સદસ્યોના મોત થઇ ચુક્યા છે. વધુ એક આવો અકસમાત શહેરના જામનગર રોડ પર રૂડા બિલ્ડીંગ પાસે બન્યો હતો. જેમાં એક ટ્રકની જ્યુપીટરને ટક્કર લાગતાં આ ટુવ્હીરલ આગળ જઇ રહેલા હોન્ડા મોટરસાઇકલમાં અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હોન્ડામાં દિકરાની પાછળ બેઠેલા મહિલાના માથા પર ટ્રકનો જોટો ફરી વળતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે જ્યુપીટર ચાલક ઈમિટેશનના વેપારી ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયા હતાં. જો કે ટુંકી સારવાર બાદ તેમનું પણ મોત થયું હતું. હોન્ડાચાલક યુવાનનો ઈજા સાથે બચાવ થયો હતો. અકસ્માત સર્જીને ટ્રક મુકી તેનો ડ્રાઇવર ગાયબ થઇ ગયો હતો.

કરૂણ-જીવલેણ અકસ્માતની આ ઘટના પર નજર કરીએ તો ટ્રકના ચાલકે જ્યુપીટરને ટક્કર મારતાં આ વાહન આગળ જઇ રહેલા હોન્ડા સાથે અથડાયા બાદ બંને ટુવ્હીરલ ફંગોળાતાં હોન્ડા પર દિકરાની પાછળ બેઠેલા ગાયકવાડીના મુસ્લિમ મહિલા ટ્રકના પાછલા જોટામાં આવી જતાં તેમના માથા પર જોટો ફરી વળતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. હોન્ડા ચાલક દિકરાનો ઇજા સાથે બચાવ થયો હતો. તે માતાને સિક્યુરીટી ગાર્ડની નોકરી પર મુકવા જતો હતો ત્યારે બનાવ બન્યો હતો. જ્યારે જ્યુપીટર ચાલક કુવાડવા રોડ પર રહેતાં ઇમિટેશનના વેપારીને ગંભીર ઇજા પહોંચી હતી. બાદમા સારવાર વખતે તેમનું પણ મૃત્યુ થતાં અકસ્માતનો મૃત્યુઆંક બે થયો હતો.

તેઓ ઇમિટેશનના કામ માટે નીકળ્યા હતાં. જામનગર રોડ રૂડા બિલ્ડીંગ પાસે બાબુભાઇ ટ્રાન્સપોર્ટ લખેલા ટ્રક નં. જીજે૦૩બીવાય-૧૧૪૧ના ચાલકે જ્યુપીટર ટુવ્હીલર નં. જીજે૦૩એમએસ-૫૩૭૮ને પાછળથી ટક્કર મારતાં તેના ચાલકે કાબુ ગુમાવતાં આગળ જઇ રહેલા હોન્ડા સાથે અથડાતાં હોન્ડા ચાલકે પણ કાબુ ગુમાવ્યો હતો અને બંને ટુવ્હીલર ફંગોળાઇ ગયા હતાં. જેમાં હોન્ડામાં બેઠેલા મહિલાનું અને જ્યુપીટર ચાલક વેપારીનું એમ બંનેના મૃત્યુ થયા હતાં.

આ પછી જ્યુપીટર ડાબી સાઇડમાં ફેંકાઇ ગયુ હતું. જ્યારે હોન્ડા ટ્રકના પાછલા જોટા તરફ ફેંકાઇ ગયુ હતું. આ કારણે હોન્ડા ચાલક ગાયકવાડી-૫ સાધુ વાસવાણી સ્કૂલ પાસે રહેતાં પચ્ચીસ વર્ષના સમીરભાઇ ઇમ્તિયાઝભાઇ દલને ઇજા થઇ હતી. જ્યારે પાછળ બેઠેલા તેના માતા બેતાલીસ વર્ષના શહેનાઝબેન ઇમ્તિયાઝભાઇ દલના માથા પર ટ્રકનો પાછલો જોટો ફરી વળતાં માથું છુંદાઇ જતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. બીજી તરફ જ્યુપીટર ચાલક કુવાડવા રોડ એંસી ફુટ રોડ શાનદાર રેસીડેન્સી-૨માં રહેતાં પિસ્તાલીસ વર્ષના સુમિતભાઇ ગોરધનભાઇ કોઠીયા નામના પટેલ વેપારી ગંભીર ઇજાઓ થતાં બેભાન થઇ ગયા હતાં. સારવાર બાદ તેમનું પણ મૃત્યુ થયું હતું. આ બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઇ જતાં પોલીસને અને ૧૦૮ને જાણ કરાઇ હતી. આ વખતે તક જોઇ ટ્રક રેઢો મુકી ચાલક ભાગી ગયો હતો. સુમિતભાઇને ગંભીર હાલતમાં સારવાર માટે દાખલ કરાયા હતાં. પણ દમ તોડી દીધો હતો. તેઓ ઇમિટેશનનો વેપાર કરતાં હતાં અને બે ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. જેમણે પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી. સવારે ઇમિટેશનના કા માટે જ્યુપીટર લઇને નીકળ્યા હતાં. ત્યારે કાળ ભેટી ગયો હતો. વધુ વિગત મુજબ મૃત્યુ પામનાર શહેનાઝબેન દલના પતિ હયાત નથી. તેમને સંતાનમાં એક દિકરો સમીરભાઇ છે. શહેનાઝબેન ખાનગી હોસ્પિટલમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી હતાં. દિકરો તેમને નોકરીના સ્થળે મુકવા જવા નીકળ્યો ત્યારે આ અકસ્માત નડ્યો હતો. બનાવની જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા ટ્રકચાલક સામે ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. બંને મૃતકોના પીરવારજનોમાં શોક, માતમ છવાઇ ગયો હતો. ત્રણ દિવસ પહેલા માધાપર ચોકડીએ એક યુવાન ટ્રકના જોટામાં આવી જતાં મોત થયાની ઘટના તાજી જ હતી ત્યાં વધુ એક આવી ઘટના જામનગર રોડ રૂડા બિલ્ડીંગ પાસે બની હતી. જેમાં એક પરિવારના મહિલાનો જીવ ગયો હતો. જ્યારે અન્ય એક વેપારીને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયા હતાં. બેફામ દોડતાં આવા ભારે વાહનોની ગતિને કાબુમા લાવવા પોલીસે નક્કર કાર્યવાહી કરવી જરૂરી હોવાનું લોકો કહે છે.

ગેરકાયદે હથીયારોની હેરાફેરી કરતી ટોળકીના વધુ ત્રણ પકડાયા

# વધુ ૩ પિસ્તોલ સાથે ૨૧ હથીયાર થયા કબ્જે



પીસીબીએ ચોટીલાના છાપેલા કાટલા સહિત બે અને રાજકોટના એક મળી વધુ ત્રણને પકડી ત્રણ દેશી પિસ્તોલ કબ્જે કરી

રાજકોટ,તા.૧૬

ગેરકાયદે પિસ્તોલની હેરાફેરી કરનારાઓને શોધી કાઢવા પીસીબીની ટીમે શરૂ કરેલી ઝુંબેશ અંતર્ગત વેપન કાર્ટેલના વધુ ત્રણ શખ્સોને વધુ ત્રણ પિસ્તોલ સાથે પકડી લેવાયા હતાં. આ સાથે કુલ અગીયાર આરોપીઓ અને એકવીસ પિસ્તોલ કબ્જે થયા હતાં.

શહેર પીસીબીની ટીમે અગાઉ મધ્યપ્રદેશના મીરઝાપુરના મુખ્ય સપ્લાયર સહિત પાંચ શખ્સોની ટોળકી વેપન કાર્ટેલને ગેરકાયદો પિસ્તોલ, તમંચા અને જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા બાદ તપાસ આગળ ધપી હતી.

જે અંતર્ગત ચોટીલાના એક નામચીન સહિત બે શખ્સો અને રાજકોટના એક શખ્સ મળી વધુ ત્રણ જણાને ત્રણ ગેરકાયદે પિસ્તોલ સાથે પકડી લીધા હતાં. અષાઢી બીજ અંતર્ગત કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે અગાઉથી શરૂ થયેલી કાર્યવાહી અંતર્ગત પીસીબીની ટીમે અગાઉ પાંચ શખ્સોને ગેરકાયદે હથીયારો સાથે પકડી લીધા બાદ તેની પુછતાછમાં એક પછી એક અન્ય નવા શખ્સો પણ હથીયારો, કાર્ટીસ સાથે પકડાયા હતાં.

આ તપાસ આગળ ધપાવવામાં આવતાં અગાઉ પકડાયેલા પ્રદિપ અનકભાઇ કરપડાની પુછતાછ કરવામાં આવી હતી. જેની કબુલાત બાદ વધુ ત્રણ શખ્સોને હથીયારો સાથે પકડી લેવાયા છે. જેમાં જયરાજ ઉર્ફે લાલો પીઠુભાઇ ખાચર (રહે. ખેરડી તા. ચોટીલા), શ્યામ રાજુભાઇ પરમાર (રહે. હરિધામ સોસાયટી-૨, ચોટીલા) અને ધ્રુવ ઉર્ફે કનૈયો સુનિલગીરી ગોસ્વામી (રહે. રાધેશ્મયા સોસાયટી-૬, બ્રહ્માણી હોલ પાછળ હુડકો ચોકડી)ને પીસીબીની ટીમે પકડી લઇ ત્રણેય પાસેથી ૩૦ હજારની ત્રણ દેશી બનાવટની પિસ્તોલ કબ્જે કરી છે. ઝડપાયેલામાં જયરાજ ખેતી કરે છે, શ્યામ ટ્રક ડ્રાઇવર છે અને ધ્રુવ છુટક મજૂરી કરે છે.

જયરાજ ઉર્ફે લાલો અગાઉ રાજકોટ બી-ડિવીઝનમાં હત્યા-રાયોટીંગ, મુળીમાં મારામારી-હત્યાનો પ્રયાસ અને વાંકાનેર તાલુકા તથા મોરબી તાલુકામાં દારૂના બે ગુનાઓમાં સંડોવાઇ ચુક્યો હતો.

અત્યાર સુધીમાં પોલીસે વેપન કાર્ટેલના કુલ ૧૧ શખ્સોને પકડી ૨૧ ગેરકાયદે હથીયારો અને જીવતા કાર્ટીસ કબ્જે કર્યા છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીકની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, પી. બી. ત્રાજીયા અને ટીમના મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો.હેડ.કોન્સ. કિરસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા તેમજ કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને ડ્રા.પો.હેડ.કોન્સ. જયેશભાઇ ગઢવીએ આ કામગીરી કરી હતી.

# આંચકી ઉપડતાં, ઉંધો ગેસ ચડતાં બે યુવતિના મોત

## શાપર અને વાલ્મિકીવાસના પરિવારોમાં શોક



રાજકોટ,તા.૧૬

આંચકી આવ્યા બાદ અને નોનવેજ ખાધા પછી ઉંધો ગેસ ચડવાને કારણે ઓગણીસ અને વીસ વર્ષની બે યુવતિના મોત થયા હતાં.

અલગ અલગ આ ઘટનાની વિગતો જોઇએ તો શાપર વેરાવળમાં શાંતિધામ સોસાયટીમાં રહેતી પાયલબેન જેન્તીભાઇ મકવાણા નામની વીસ વર્ષની યુવતિ બપોરે ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પાયલબેન ચાર બહેન અને એક ભાઇમાં નાની હતી. તેના પિતા કડીયા કામ કરી ગુજરાન ચલાવે છે.

સગાના કહેવા મુજબ સાંજે ભોજનમાં નોનવેજ શાક ખાધુ હતું. બાદમાં આજે સવારે રોટલી ખાધા પછી તેણીને અચાનક ઉંધો ગેસ ચડ્યો હતો અને બેભાન જેવી થઇ ગઇ હતી. સારવારમાં મૃત્યુ થયું હતું. શાપર પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી હતી. યુવાન દિકરીના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

અન્ય બનાવમાં જામનગર રોડ પર વાલ્મિકીવાસ આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતી ઓગણીસ વર્ષની પ્રિયાંશીબેન મનિષભાઇ મકવાણા નામની યુવતિ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર પ્રિયાંશી બે બહેન અને એક ભાઇમાં મોટી હતી. તેના પિતા રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. સગાના કહેવા મુજબ ઘરે આંચકી આવ્યા બાદ તેણી બેભાન થઇ ગઇ હતી અને સારવારમાં મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ બે પરિવારે યુવાન દિકરી ગુમાવી દેતાં શોક વ્યાપી ગયો હતો.

જીણી મોટી વાતે બાકાઝીકી કરી લેવાની વધુ બે ઘટના પોલીસ સુધી પહોંચી

# યુવાનના હોન્ડામાં જુના મિત્રોએ કરી તોડફોડ

## માથે જતાં રૂબરૂ અને ફોનથી ધમકી દઇ કહ્યું-જો પોલીસ ફરિયાદ કરીશ તો ધોકાથી ફટકારી ફટકારીને મારી નાંખશુંઃ કોઠારીયા સોલવન્ટની ઘટના



વધુ એક બનાવમાં લાપાસરીમાં જુના મનદુઃખને લીધે યુવાનને તેના જ કુટુંબી ભત્રીજા સહિતે તમાચા મારી ગાળો દઈ ખૂનની ધમકી દીધીઃ તને બહુ હવા છે કહી ડખ્ખો કર્યો

રાજકોટ,તા.૧૬

માથાકુટ નહિ જેવી વાતે રોજબરોજ થતી રહે છે. વાતમાં કંઇ હોય નહિ છતાં લોકો બાકાઝીકી પર ઉતરી આવતાં હોય છે. ક્યારેક જુના ડખ્ખા તો ક્યારેક પૈસાના ડખ્ખાને કારણે લોહી રેડાય છે. બે આવી ઘટના બની હતી. જેમાં એક યુવાનને અગાઉ સાથે કામ કરતી વખતે થયેલી માથાકુટનો ખાર રાખી તેના જ કુટુંબી ભત્રીજા અને તેના કાકાએ મળી લાફાવાળી કરી ગાળો દઇ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજી ઘટનામાં એક યુવાનને તેના જુનાપુરાણા બે મિત્રોએ હોન્ડાના ટાયર-ટ્યુબના ખર્ચના પૈસા મામલે ડખ્ખો કરી તેના બાઇકમાં તોડફોડ કરી નાંખી હતી અને પોલીસ ફરિયાદ કરશે તો મારી નાંખશે તેવી રૂબરૂમાં તેમજ ફોનથી પણ ધમકી દીધી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં બાઇકના ટ્યુબ-ટાયરના ખર્ચના સામાન્ય ડખ્ખામાં એક યુવાન સાથે તેના જ બે જુના મિત્રોએ માથાકુટ કરી બાઇકમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડી માથે જતાં યુવાનને મારી નાંખવાની ધમકી આપતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ શીતાળધાર ૨૫ વારીયામાં હનુમાનજીના મંદિર નજીક રહેતાં મુળ બિહારના ભાગલપુરના બાકા ગામના એકવીસ વર્ષના ક્રિષ્ના બીપીનભાઇ પાસવાનની ફરિયાદ પરથી ગુલશન ચૌહાણ અને નંદલાલ ચૌહાણ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ક્રિષ્ના પરિવાર સાથે રહે છે અને ભઠ્ઠીમાં મજુરી કરી ગુજરાન ચલાવે છે.

ક્રિષ્ના પાસવાને નોંધાવેલી ફરિયાદ મુજબ રાત્રિના સમયે હનુમાન મંદિર પાસે હાજર હતો. આ દરમિયાન તેનો મિત્ર દિપક ફરિયાદીનું સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.જીજે૦૩પીકે- ૫૪૯૮ લઈને આવી રહ્યો હતો. ત્યારે રસ્તામાં ક્રિષ્નાના અન્ય બે જૂના મિત્રો ગુલશન ચૌહાણ તથા નંદલાલ ચૌહાણે દિપકને ઉભો રાખીને જણાવ્યું હતું કે-આ મોટરસાયકલમાં એક અઠવાડિયા પહેલા મેં ટ્યુબ-ટાયરનો ખર્ચ કરેલ છે તે મને આપ. આ સાંભળી ક્રિષ્નાએ જણાવ્યું કે તે ઘરેથી રૂપિયા લઈને આવે છે અને થોડી વાર રાહ જોવાનું કહી પોતાના ઘરે રૂપિયા લેવા ગયો હતો. ક્રિષ્ના જ્યારે ઘરેથી રૂપિયા લઈને પરત ફર્યો ત્યારે ગુલશન અને નંદલાલ બંનેએ મોટરસાયકલ પર પથ્થર તથા લાકડાના ધોકા વડે બેફામ તોડફોડ ચાલુ કરી દીધી હતી.

બંનેને રોકવાનો પ્રયાસ કરતા ક્રિષ્ના અને તેના મિત્ર દિપકને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તોડફોડ બાદ આરોપી ગુલશને ધમકી આપી હતી કે-જો આ બનાવ બાબતે પોલીસમાં ફરિયાદ કરીશ તો છૂટીને આવીને આજે ધોકા વડે પતાવી દઈશ. એટલું જ નહીં, ત્યાંથી ચાલ્યા ગયા બાદ નંદલાલે પણ ફરિયાદીને ફોન કરીને ધમકી આપી હતી કે-જો ફરિયાદ કરીશ તો તને જોઈ લઇશ. ધોકા-પથ્થર ફટકારવાને કારણે મોટરસાયકલની ટાંકી, આગળના મોરા તેમજ આગળ-પાછળની લાઈટોમાં રૂપિયા અઢાર હજારનું નુકસાન થયું છે. આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયાએ વિશેષ કાર્યવાહી કરી હતી.

બીજી આવી ઘટના પણ આજીડેમ પોલીસની હદમાં બની હતી. રાજકોટ તાલુકાના લાપાસરી ગામે રહેતાં યુવાનને તે ગામમાં મંદિર નજીક બેઠો હતો ત્યારે કુટુંબી ભત્રીજા અને તેના કાકાએ આવી અગાઉની માથાકુટનો ખાર રાખી તને બહુ હવા છે કાં તેમ કહી ગાળો દઇ ઝાપટો મારી તેમજ પથ્થર ઉપાડી મારી નાંખવાની ધમકી આપતાં આ બનાવમાં લાપાસરી ગામે રહેતાં ત્રીસ વર્ષના રવિભાઇ મોહનભાઇ બાબરીયા નામના યુવાનની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે લાપાસરીમાં જ રહેતાં તેના કુટુંબી ભત્રીજા કરણ મુકેશભાઇ બાબરીયા અને કરણના કાકા અશોકભાઇ નારણભાઇ બાબરીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ વિગત મુજબ રવિભાઇ માતા-પિતા સાથે રહે છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. રવિભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેરમીએ હું અમારા ગામના હનુમાનજીના મંદિરની બાજુમાં આવેલા પૂલ પાસે નરેશભાઇ મુકેશભાઇ બારીયા, મોહિત અશોકભાઇ બાબરીયા સાથે બેઠો હતો. આ વખતે મારા કૌટુંબીક ભત્રીજા કરણ મુકેશભાઇ બાબરીયા તથા તેના કાકા અશોકભાઇ બાબરીયા બંને આવ્યા હતાં. અમે અગાઉ સાથે મજૂરી કામ કરતાં હતાં ત્યારે ઝઘડો થયો હોઇ તેનો ખાર રાખી ફરીથી આ બંનેએ માથાકુટ કરી હતી.

કરણે મારી પાસે આવી-તને બહુ હવા છે કાં? તેમ કહી ગાળો દેતાં મેં તેને ગાળો બોલવાની ના પાડતાં તે વધુ ઉશ્કેરાઇ ગયો હતો.

બાદમાં કરણ અને તેના કાકા અશોકભાઇએ મળી મારામારી કરી હતી. કરણે પથ્થર ઉપાડી-આજે તો તને મારી જ નાંખવો છે કહી ધમકી આપી હતી. એ દરમિયાન અશોકભાઇએ મને બે ત્રણ ઝાપટ મારી દીધી હતી.

મને વધુ મારનો ડર લાગતાં હું ભાગી ગયોછ હતો. આ પછી માતા-પિતાને બનાવની જાણ કરી પહેલા અરજી કરી હતી અને બાદમાં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં રવિભાઇએ કહેતાં હેડકોન્સ. હેમતભાઇ ધરજીયા અને જયપાલભાઇએ ગુનો નોંધી દાખલ કરી આરોપીઓ સામે પગલા લેવા તજવીજ કરી હતી. આમ નહિ જેવી વાતે બે ડખ્ખા થઇ ગયા હતાં. જેમાં એક ડખ્ખો મિત્રો વચ્ચે અને બીજો કુટુંબી કાકા-ભત્રીજાઓ વચ્ચે થયો હતો.

ગીર પ્રવાસન અને સિંહ પજવણી મુદ્દે ભારે આક્રોશ

# સિંહની પજવણી કરનારા લુખ્ખાઓના પાપે રિસોર્ટ સંચાલકો પર દંડનો કોરડો કેટલો વ્યાજબી ?

## કાયદેસરનો વ્યવસાય કરતા રિસોર્ટ સંચાલકો તંત્રની બેવડી નીતિથી પરેશાન; ગેરકાયદે પ્રવૃત્તિઓ કરનારા તત્વો સરેઆમ સક્રિય

### વન વિભાગની બેવડી નીતિ કેમ?

બે વિભાગ, બે અલગ કાયદા? સાસણ ગીર વન વિભાગની સુરક્ષા અત્યંત કડક છે. ત્યાં ટ્રેકર્સ અને વન કર્મચારીઓ સતત રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરે છે, જેથી ત્યાં પજવણીના કિસ્સા નહિવત બને છે. તેની સામે ધારી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની નીતિ અત્યંત ઢીલી જોવા મળી રહી છે. ધારી અને તેની આસપાસના વિસ્તારોમાં અવારનવાર ગેરકાયદે સિંહ દર્શન અને પજવણીના વીડિયો સામે આવે છે. વન વિભાગ ધારીમાં કડક કાયદા કેમ અમલી નથી બનાવતું? પોતાની નિષ્ફળતા છુપાવવા સાસણના પ્રમાણિક રિસોર્ટ ધારકોને ટાર્ગેટ કરવા કેટલા અંશે યોગ્ય છે?

### રેવન્યુ વિસ્તારો, ખાનગી વાડીઓ અને અન્ય પંથકના નેટવર્ક પર તંત્ર મૌન



રાજકોટ, તા. ૧૬

ગીરનું નામ પડતાની સાથે જ વનરાજની ગર્જના અને પ્રકૃતિની ગોદ યાદ આવે. દર વર્ષે લાખો પ્રવાસીઓ સાસણ ગીરની મુલાકાતે આવે છે, જેનાથી સ્થાનિક રોજગારી અને હોટેલ-રિસોર્ટ ઉદ્યોગ ધમધમે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વન વિભાગ દ્વારા લેવાયેલા એકપક્ષીય નિર્ણયો અને આકરી કાર્યવાહીને કારણે સ્થાનિક રિસોર્ટ સંચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થઈ રહ્યો છે કે, સિંહની પજવણી કે ગેરકાયદે લાયન શોના કિસ્સાઓ મોટાભાગે રેવન્યુ વિસ્તારો, વાડીઓ કે ધારી જેવા જંગલના અંદરના ભાગોમાં બને છે, છતાં પણ બદનામીનો ટોપલો માત્ર અને માત્ર કાયદેસર રીતે ચાલતા રિસોર્ટ ઉદ્યોગ પર જ કેમ ઢોળવામાં આવે છે?

રિસોર્ટ ધારકો કરોડો રૂપિયાનું રોકાણ કરીને, સરકારના તમામ નિયમોનું પાલન કરીને અને ટેક્સ ભરીને પોતાનો વ્યવસાય ચલાવે છે. તેઓ પ્રવાસીઓને રહેવા અને જમવાની સુવિધા આપે છે, નહિ કે સિંહ દર્શન કરાવવાની જવાબદારી લે છે. સિંહ દર્શન કરાવવાનું કામ માત્ર વન વિભાગનું (શાસન જીપ્સી સફારી દ્વારા) છે. તેમ છતાં, જ્યારે પણ સોશિયલ મીડિયા પર સિંહની પજવણીનો કોઈ વીડિયો વાયરલ થાય છે, ત્યારે વન વિભાગ તુરંત જ સ્થાનિક રિસોર્ટ ધારકો પર દરોડા પાડવાનું અને તેમને હેરાન કરવાનું શરૂ કરી દે છે. આનાથી પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે અને પ્રવાસીઓમાં પણ ભયનો માહોલ ઊભો થાય છે.

વન્યજીવોની સુરક્ષા અત્યંત જરૂરી છે અને ગીરના સિંહો આપણું ગૌરવ છે. પરંતુ વન્યજીવ સુરક્ષાના નામે કાયદેસરનો વેપાર કરતા રિસોર્ટ ધારકોને બલિનો બકરો બનાવવાની નીતિ હવે ચલાવી લેવાય તેમ નથી. વન વિભાગે તેની બેવડી નીતિ છોડીને સાચા ગુનેગારો અને ગેરકાયદે લાયન શો ચલાવતા તત્વો સામે લાલ આંખ કરવી પડશે, જેથી ગીરનું ગૌરવ અને ગીરનું પ્રવાસન બંને સચવાઈ રહે. ગીરના જંગલ અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહની પજવણીના જેટલા પણ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે અથવા જે પણ ગેરકાયદે પ્રવૃત્તિઓ પકડાય છે, તેમાં ૯૯% કિસ્સાઓ ખુલ્લા ખેતરો, અંતરિયાળ વાડીઓ અથવા તો ધારી પંથકના રેવન્યુ વિસ્તારોના હોય છે. ત્યાં કેટલાક સ્થાનિક માથાભારે તત્વો અને ગેરકાયદે સિંહ દર્શન કરાવતા એજન્ટો સિંહોને ટાર્ગેટ કરતા હોય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

શું વન વિભાગ પોતાની કાયદાકીય નિષ્ફળતા અને બેદરકારીને છુપાવવા માટે જ સાસણના કાયદેસરના રિસોર્ટ ધારકોને બલિનો બકરો બનાવી રહ્યું છે? ઉચ્ચ કક્ષાએથી આ મામલે તપાસ થાય અને ''જ્યાં ગુનો, ત્યાં જ પગલાં''ની નીતિ અપનાવાય તે ગીરના સિંહો અને ગીરના પ્રવાસન બંનેના હિતમાં છે.

### રિસોર્ટ સંચાલકોની તંત્ર પાસે માંગણીઓ

**- પજવણી કરનારાઓ સામે જ કડક પગલાં લો:**

જે વિસ્તાર કે વાડીમાં સિંહ પજવણી થાય, ત્યાંના માલિક અને વન રક્ષકો સામે પગલાં લેવાવા જોઈએ, નહિ કે રિસોર્ટ સંચાલકો સામે.

**- હેનગતિ બંધ થાય:**

કાયદેસર ચાલતા હોટેલ-રિસોર્ટને વન વિભાગ તરફથી બિનજરૂરી નોટિસો આપવાની કે ચેકિંગના નામે પ્રવાસીઓને ડરાવવાની પ્રવૃત્તિ બંધ થાય.

**- સંયુક્ત મીટિંગનું આયોજન:**

વન વિભાગ અને રિસોર્ટ એસોસિએશન વચ્ચે સંકલન સાધીને પ્રવાસન અને વન્યજીવ સુરક્ષા બંને સચવાય તેવું વાતાવરણ ઊભું કરવામાં આવે.

### સ્થાનિક પ્રવાસન ઉદ્યોગ પડી ભાંગવાના આરે

ગીર પંથકમાં હોટેલ અને રિસોર્ટ ઉદ્યોગ સાથે હજારો સ્થાનિક લોકોની રોજીરોટી જોડાયેલી છે. ગાઈડ, ડ્રાઈવર, કૂક, સફાઈ કામદારો અને નાના વેપારીઓ આ પ્રવાસન પર નભે છે. વન વિભાગના સતત ત્રાસ અને ''ટાર્ગેટ પોલિસી'' ને કારણે રિસોર્ટ સંચાલકો હવે વ્યવસાય બંધ કરવા મજબૂર બન્યા છે. જો આ જ પરિસ્થિતિ રહી તો ગીરનું પ્રવાસન સાવ પડી ભાંગશે અને સ્થાનિકો બેરોજગાર બનશે.

### રિસોર્ટમાં રોકાતા પ્રવાસીઓ ગુનેગાર નથી! નિયમોનું પાલન છતાં તંત્રની લાલ આંખ

સાસણ કે ગીર સોમનાથના લાયસન્સ ધરાવતા રિસોર્ટમાં જે પ્રવાસીઓ રોકાય છે, તેઓ મોંઘી ફી ભરીને કાયદેસરની પરમિટ મેળવીને જ જીપ્સી સફારીમાં સિંહ દર્શન કરવા જાય છે. આ પ્રવાસીઓ ક્યારેય રાત્રે જંગલમાં કે વાડી વિસ્તારમાં સિંહની પજવણી કરવા જતા નથી. પજવણી કરનારા તત્વો મોટેભાગે સ્થાનિક ગેરકાયદે નેટવર્ક ચલાવતા લોકો હોય છે, જે વન વિભાગની રહેમનજર હેઠળ સિંહ દર્શન કરાવતા હોય છે. છતાં સજા અને હેરાનગતિ નિર્દોષ હોટેલ સંચાલકો અને પ્રવાસીઓને ભોગવવી પડે છે.

# ૧૧૦૦ કરોડના ઐતિહાસિક સફાઈ કોન્ટ્રાક્ટ બાદ પ્રથમ કસોટી

## રાજકોટ 'સ્વચ્છ સર્વેક્ષણ'માં ટોપ-૧૦માં સ્થાન મેળવવા આશાવાદી: આગામી બે મહિનામાં જાહેર થશે નવું સ્વચ્છતા રેન્કિંગ

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાપાલિકા વિસ્તારમાં કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલું વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ તાજેતરમાં જ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ વખતનું સર્વેક્ષણ તંત્ર માટે એટલા માટે વિશેષ મહત્વનું છે કારણ કે કોર્પોરેશન દ્વારા ગત વર્ષે રાજકોટના ઈતિહાસનો સૌથી મોટો, દસ વર્ષ માટેનો ₹૧૧૦૦ કરોડનો સફાઇ કોન્ટ્રાકટ આપ્યા બાદ યોજાયેલું આ પહેલું સર્વેક્ષણ છે. નવી એજન્સી દ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનથી માંડીને ન્યુસન્સ પોઇન્ટની સફાઇ સહિતની કામગીરીમાં નોંધપાત્ર સુધારો કરવામાં આવ્યો હોવાથી, આ વર્ષે રેન્કીંગમાં મોટો ઉછાળો આવશે તેવી મનપા તંત્ર મજબૂત આશા રાખી રહ્યું છે. આગામી બે થી ત્રણ મહિનામાં જાહેર થનારા પરિણામોમાં રાજકોટ આ વખતે સીધું ટોપ-૧૦માં સ્થાન મેળવશે તેવું માનવામાં આવી રહ્યું છે.

જો ગત વર્ષના ઈતિહાસ પર નજર કરીએ તો, સ્વચ્છતા સર્વેક્ષણના જાહેર થયેલા રીપોર્ટમાં રાજકોટ દેશભરમાં ૧૯મા ક્રમે રહ્યું હતું. ગત વખતે નાકરાવાડી પ્લાન્ટ પર લીગેસી વેસ્ટનું સંપૂર્ણ પ્રોસેસીંગ થતું ન હોવાની કેન્દ્રની ટીમ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી હતી, જેને કારણે રાજકોટ ટોપ-૧૦માં સ્થાન મેળવવાથી વંચિત રહી ગયું હતું અને મધ્યપ્રદેશનું ઇન્દોર અગાઉની જેમ જ દેશમાં નંબર-૧ પર રહ્યું હતું. જો કે, આ ભૂતકાળની ખામીઓમાંથી પાઠ ભણીને મનપાએ ચાલુ વર્ષે નાકરાવાડી ખાતેના લીગેસી વેસ્ટના સંપૂર્ણ નિકાલ અને પ્રોસેસીંગની દિશામાં સઘન કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત, સોલીડ વેસ્ટ શાખા દ્વારા આઇઇસી (ઈંક્ષરજ્ઞળિફશિંજ્ઞક્ષ, ઊમીભફશિંજ્ઞક્ષ ફક્ષમ ઈજ્ઞળળીક્ષશભફશિંજ્ઞક્ષ) અંતર્ગત લોકોને જાગૃત કરવા પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે તેમજ પ્લાનટેશન, બ્રીજ હેઠળ બ્યુટીફીકેશન, વેસ્ટમાંથી બેસ્ટ સ્કલ્પચર બનાવવાની પ્રવૃત્તિઓ, ગાર્ડન અને સ્કુલોની સફાઇ, ટવીન ડસ્ટબીનનું વિતરણ અને સ્લમ વિસ્તારોમાં ખાસ સફાઇ ઝુંબેશ જેવી વિવિધ બાબતોમાં તનતોડ મહેનત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલું આ સ્વચ્છ સર્વેક્ષણ કુલ ત્રણ તબકકામાં ચાલ્યું હતું. આ પ્રક્રિયા માત્ર દસ્તાવેજી પુરાવાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં ગ્રાઉન્ડ રિયાલિટી તપાસવા માટે કેન્દ્રની ટીમ દ્વારા રાજકોટ આવીને સ્વતંત્ર રીતે સ્થળ તપાસ અને કામગીરીનું ક્રોસ ચેકીંગ કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણનો સૌથી મહત્વનો મુદ્દો ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનનો છે, જેને ૧૦૦ ટકા સુધી પહોંચાડવા માટે નવી એજન્સી દ્વારા તબકકાવાર નવી ટીપર વાન રસ્તા પર ઉતારવામાં આવી છે. કોમર્શિયલ વિસ્તારોમાં વધુ કચરો નીકળતો હોવાથી ત્યાં દિવસમાં બે વખત ટીપર વાન મોકલવાની વ્યવસ્થા કરાઈ છે. આ સાથે કચરાના સેગ્રીગેશન એટલે કે ભીનો અને સુકો કચરો અલગ પાડીને પ્રોસેસ કરવાની સિસ્ટમ પણ આગળ વધારવામાં આવી છે.જો કે આ પોઇન્ટ્સ હજુ સંપૂર્ણ નાબુદ થયા નથી, પરંતુ તંત્રનો દાવો છે કે ધીમે ધીમે આ ન્યુસન્સ પોઇન્ટ્સ સાવ ઓછા થઇ જશે. આ માટે એજન્સીને સતત દોડાવવામાં આવી રહી છે અને કામગીરીમાં ક્ષતિ જણાતા પેનલ્ટી (દંડ) પણ કરવામાં આવી રહી છે. તદુપરાંત, કોર્પોરેશને તાજેતરમાં બલ્ક વેસ્ટ જનરેટ કરતી સંસ્થાઓ તેમજ સોસાયટીઓ માટે અલગ જવાબદારી સાથેની સ્વનિર્ભર વ્યવસ્થા ઊભી કરવા અંગે પણ ગંભીર વિચારણા હાથ ધરી છે.

રાજકોટવાસીઓની રાહ લંબાશે

# લાયન સફારી પાર્ક જન્માષ્ટમી કે વેકેશનમાં ખુલ્લો નહીં મુકાય

## ક્ષેત્રફળમાં ૧૦,૦૦૦ ચો.મી.નો વધારો કરાતા પ્રોજેક્ટ ખર્ચ રૂ. ૭ કરોડ વધ્યો: ભંડોળ ખાલી થતાં હવે મંજૂરી બાદ જ કામ આગળ ધપશે; જુલાઈના અંત સુધીમાં કામગીરી પૂર્ણ થવાની સંભાવના




### સાસણ ગીર જવાની જરૂર નહીં, રાજકોટ બનશે પ્રવાસીઓ માટે બેસ્ટ વિકલ્પ

ઉનાળા, દિવાળી કે નાતાલ જેવા વેકેશનના પીક સમયગાળા દરમિયાન જે પ્રવાસીઓને સાસણ ગીરની પરમિટ નથી મળતી, તેમના માટે આ સફારી પાર્ક શ્રેષ્ઠ વૈકલ્પિક આકર્ષણ બનશે. પ્રવાસીઓ સૌપ્રથમ રાજકોટના આ લાયન સફારી પાર્કની મુલાકાત લઈ શકશે અને ત્યારબાદ ત્યાંથી જૂનાગઢ અને ગીર સોમનાથ તરફ આગળ વધી શકશે, જે સમગ્ર ગીર ટૂરિઝમ સર્કિટને મોટો વેગ આપશે. સાસણમાં સિંહ સદનની ખુલ્લી જીપમાં અને દેવળિયા પાર્કમાં બસમાં બેસીને જે રીતે સાવજોને જોવાનો લહાવો મળે છે, તેવો જ રોમાંચક અનુભવ હવે રાજકોટના આંગણે સહેલાણીઓ લઈ શકશે.

### ક્યાં પહોંચ્યું કામ? ૭ ફેઈઝમાંથી મોટાભાગની કામગીરી આખરી તબક્કામાં

લાયન સફારી પાર્ક અંતર્ગત કમ્પાઉન્ડ વોલ, ચેઈનલિંક ફેન્સિંગ, ઈન્સ્પેક્શન પાથ, ઈન્ટરનલ રોડ, મુખ્ય ગેઈટ અને ઈલેક્ટ્રિક વાહનો માટે 'ટુ-વે એન્ટ્રી-એક્ઝિટ' રોડનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. સિંહોને જંગલ જેવો જ અહેસાસ થાય તે માટે આયુર્વેદ વર્ક, નાના તળાવો અને ચેકડેમ બનાવવાની કામગીરી પણ પૂર્ણતાના આરે છે. પ્રાણીઓ માટે રાત્રિ રોકાણની સુવિધા માટે 'નાઈટ શેલ્ટર', જીએસઆર અને હવે નવા ઉમેરાયેલા એન્ટ્રન્સ પ્લાઝા સહિતની સુવિધાઓ માટે વધારાનો એક માસનો સમય લંબાવવામાં આવ્યો છે.

રાજકોટ, તા. ૧૬

રાજકોટના સીમાડે સાસણ ગીર જેવો જ સિંહ દર્શનનો રોમાંચ માણવા આતુર સહેલાણીઓએ હજુ વધુ રાહ જોવી પડશે.

મહાનગરપાલિકા દ્વારા પ્રદ્યુમનપાર્ક ઝૂની પાછળ ઈસ્ટઝોન ખાતે આકાર લઈ રહેલા એશિયાટિક લાયન સફારી પાર્કનું લોકાર્પણ અગાઉ જૂન માસમાં કે જન્માષ્ટમીના તહેવારોમાં કરવાની વહીવટી તંત્રની ગણતરી હતી.

પરંતુ, પાર્કના ક્ષેત્રફળમાં ૧૦,૦૦૦ ચોરસ મીટરનો વધારો કરાતા અને પ્રોજેક્ટના ખર્ચમાં અંદાજે રૂ. ૭ કરોડનો વધારો થતાં હવે ચાલુ વેકેશનમાં કે તહેવારોમાં સહેલાણીઓને આ સેવાનો લાભ મળી શકશે નહીં.

આ મહત્વકાંક્ષી યોજના જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે તેનો અંદાજિત ખર્ચ રૂ. ૪૪.૨૯ કરોડ હતો. હાલની સ્થિતિએ આશરે ૮૦ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ગયું છે, પરંતુ મૂળ ભંડોળ હવે ખાલી થઈ ગયું છે. પ્રોજેક્ટને વધુ સુવિધાસભર બનાવવા ક્ષેત્રફળ વધારવામાં આવતા હવે વધારાના સાતેક કરોડના ખર્ચની મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ વહીવટી મંજૂરી મળ્યા બાદ જ આગળનું કામ થઈ શકશે, જેના કારણે હવે પ્રોજેક્ટ જુલાઈ-૨૦૨૬ના અંત સુધીમાં પૂર્ણ થાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની ૨૯ હેક્ટર જમીન પર સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની મંજૂરી બાદ આ પ્રોજેક્ટ યુદ્ધના ધોરણે શરૂ કરાયો હતો.

સહેલાણીઓ માટે લોકેશન ટ્રેસ કરવા માટે ખાસ ઈન્ટર-કનેક્ટેડ રોડ પણ આ પાર્કમાં તૈયાર કરવામાં આવ્યા છે. ભલે તહેવારોની સિઝનમાં આ પાર્ક ખુલ્લો ન મુકાય, પણ એકવાર આ આધુનિક સફારી પાર્ક કાર્યરત થઈ ગયા બાદ તે સમગ્ર સૌરાષ્ટ્રના પ્રવાસન ક્ષેત્રે એક મોટું નજરાણું સાબિત થશે.

# વિદ્યાર્થીઓના જીવન પર તોળાતું જોખમ

## મનપાના ચેકિંગમાં ૧૮૦ કોચિંગ ક્લાસીસ ફાયર સેફ્ટી વગરના : એક પણ સાધનો ન મળ્યા , 300 ક્લાસીસ પર તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૧૬

જ્યારે પણ કોઈ શાળા, કોલેજ, કોચિંગ ક્લાસીસ કે ગેમ ઝોનમાં આગ લાગવાની દુર્ઘટના બને છે, ત્યારે તંત્ર દોડતું થાય છે. રાજકોટ મહાનગરપાલિકાના આ વર્ષો જૂના સિલસિલામાં ફરી એક વખત શહેરની શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ક્લાસીસમાં ફાયર સેફ્ટીની ચકાસણી માટે આકરી ધોંસ શરૂ કરવામાં આવી છે. જસદણની આલ્ફા કોચિંગ ક્લાસની હોસ્ટેલમાં સંચાલકોની ઘોર બેદરકારીના કારણે ભાવનગરના મહુવા ગામની એક માસૂમ બાળકીનો ભોગ લેવાયો હતો. આ હૃદયદ્રાવક ઘટના બાદ જાગેલા તંત્ર દ્વારા કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલની સામે, રાણી ટાવર પાછળ યોગી પાર્ક શેરી નં. ૫માં ચાલતા આલ્ફા કોચિંગ ક્લાસનું તાકીદે ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન આ ક્લાસ પાસે ફાયર ગઘઈ ન હોવાનું અને કટોકટીના સમયે બહાર નીકળવા માટે કોઈ 'ઇમરજન્સી એક્ઝિટ' પણ ન હોવાનું બહાર આવતા તંત્રએ નોટિસ ફટકારી હતી. આ ઉપરાંત ક્લાસનું કેટલુંક બાંધકામ પણ શંકાના દાયરામાં આવ્યું હતું, જોકે વેસ્ટઝોન ટીપી શાખાના જણાવ્યા મુજબ આ વધારાનું બાંધકામ ઇમ્પેક્ટ ફી હેઠળ મંજૂર થયેલું છે.

આ ગંભીર ઘટનાને પગલે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કડક પગલાં લેવાના આદેશ આપ્યા હતા. જેના અનુસંધાને ફાયર બ્રિગેડ શાખા દ્વારા શહેરના જાહેર માર્ગો તેમજ ગલી-કૂંચીઓમાં ફેલાયેલા કુલ ૩૧૪ ટ્યુશન અને કોચિંગ ક્લાસીસમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગ ઝુંબેશના અંતે અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી છે. તપાસ કરાયેલા કુલ ક્લાસીસમાંથી માત્ર ૧૩૪ ક્લાસીસ જ ફાયર સેફ્ટીના સાધનો અને માન્ય ગઘઈ સાથે સજ્જ જોવા મળ્યા હતા. જ્યારે બાકીના ૧૮૦ કોચિંગ ક્લાસીસ એવા મળ્યા હતા જેમાં પ્રાથમિક સ્તરના ફાયર સેફ્ટીના સાધનોનો પણ સદંતર અભાવ હતો. આ ક્લાસીસ પાસે કાં તો ફાયર ગઘઈ જ નહોતું અથવા તો તેની મુદત પૂરી થઈ ગઈ હતી. આવા અસુરક્ષિત ક્લાસીસમાં રોજ અભ્યાસ કરવા જતા હજારો વિદ્યાર્થીઓના જીવ ઉપર સતત મોતનું જોખમ મંડરાઈ રહ્યું હોવાની હકીકત પ્રકાશામાં આવી છે.

મનપાના ફાયર વિભાગ દ્વારા આ તમામ ૧૮૦ બેદરકાર ક્લાસ સંચાલકોને કાયદાકીય નોટિસ ફટકારીને એક સપ્તાહ (સાત દિવસ)ની અંદર ફાયર સેફ્ટીના જરૂરી સાધનો વસાવી લેવા અને કાયદેસરનું ગઘઈ મેળવી લેવા માટે આખરી અલ્ટીમેટમ આપ્યું છે. તંત્ર દ્વારા નોટિસ આપ્યા બાદ આ તમામ સ્થળોએ ફરીથી ક્રોસ-ચેકિંગ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ કાર્યવાહી પૂર્વે કમિશનરના આદેશથી ફાયર બ્રિગેડ શાખા દ્વારા ટ્યુશન ક્લાસ એસોસિએશન સાથે બે-બે વખત બેઠકો યોજીને પૂરતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ક્ષતિઓ પૂર્ણ કરવા જણાવાયું હતું, તેમ છતાં સંચાલકોની ઉદાસીનતા અકબંધ રહી હતી. હવે તંત્ર આગામી દિવસોમાં વધુ કડક વલણ અપનાવે તેવી પૂરેપૂરી શક્યતા છે.